પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૦૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૦-૧૨-૨૦૨૨ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

ભારતે ૨૧ વર્ષ પછી મિસિસ વર્લ્ડનો ખિતાબ જીત્યો

જમ્મુ-કાશ્મીરની સરગમ કૌશલે ૬૩ દેશની સુંદરીઓને હરાવીને તાજ પહેર્યો

મુંબઈ, સરગમ કૌશલે મિસિસ વર્લ્ડનો ખિતાબ જીત્યો છે. આ તાજ ૨૧ વર્ષ પછી ભારતને પ્રાપ્ત થયો છે. આ સ્પર્ધામાં વિશ્વના ૬૩ દેશની મહિલાઓએ ભાગ લીધો હતો, જેમાંથી સરગમ કૌશલ વિજેતા બની છે. જમ્મુ-કાશ્મીરની રહેવાસી સરગમ પ્રોફેશનથી શિક્ષક છે. તેમણે નેવી ઓફિસર સાથે ૨૦૧૮માં લગ્ન કર્યા હતા. સરગમે તેની સફળતાનું શ્રેય તેના પિતા અને પતિને આપ્યું છે.

મિસિસ ઈન્ડિયા પેજન્ટના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેની જાહેરાત કરવામાં આવી છે. અહીં કાઉનિંગ મૂવમેન્ટના એક ક્ષણની ઝલક શેર કરતાં લખ્યું છે કે હવે ઈંતજાર ખતમ થયો. આ તાજ ૨૧ વર્ષ પછી આપણી પાસે પાછો આવ્યો છે. જણાવી દઈએ કે સરગમ પહેલાં ડો. અદિતિ ગોવિત્રીકરે ૨૦૦૧માં આ ખિતાબ જીત્યો હતો. અવોર્ડ માટેની જ્યૂરી પેનલમાં અભિનેત્રી સોહા અલી ખાન, વિવેક ઓબરોય અને મોહમ્મદ અઝહરુદ્દીનનો સમાવેશ થાય છે.૩૨ વર્ષીય સરગમે ૬૩ દેશની સુંદરીઓને હરાવીને આ ખિતાબ જીત્યો છે.સ્પર્ધાના અંતિમ રાઉન્ડ માટે, કૌશલે ભાવના રાવ દ્વારા ડિઝાઈન કરાયેલો ગુલાબી સ્લિટ ગાઉન પહેર્યો હતો. સરગમ કૌશલે મિસિસ વર્લ્ડ ૨૦૨૨ના એક કાર્યક્રમમાં કાશ્મીરી મહિલાઓ દ્વારા બનાવેલો હેન્ડક્રાફ્ટેડ ડ્રેસ પણ પહેર્યો હતો.આ પહેલાં સરગમે ૧૫ જૂન ૨૦૨૨ના રોજ મિસ ઈન્ડિયા વર્લ્ડ ૨૦૨૨નો અવોર્ડ જીત્યો હતો. તેને આ ખિતાબ નવદીપ કૌરે આપ્યો હતો.સરગમે ૨૦૧૮માં નેવી ઓફિસર આદિત્ય મનોહર શર્મા સાથે લગ્ન કર્યા હતા. તેના પતિ દ્વારા સરગમે મોડલિંગનો પહેલો કોન્ટ્રેક્ટ મેળવ્યો હતો.

૩૨ વર્ષીય સરગમ કૌશલ જમ્મુ-કાશ્મીરની રહેવાસી છે, તેમણે ઈંગ્લિશ લિટ્રેચરમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું છે. સરગમ વિશાખાપટ્ટનમમાં એક શિક્ષક તરીકે કામ કરી ચૂકી છે. સરગમે ૨૦૧૮માં લગ્ન કર્યા, તેના પતિ ઈન્ડિયન નેવીમાં છે.

ડો.અદિતિ ગોવિત્રીકરે ૨૧ વર્ષ પહેલાં એટલે ૨૦૦૧માં મિસિસ વર્લ્ડનો ખિતાબ જીત્યો હતો. અદિતિ આ કાઉન જીતનાર પ્રથમ ભારતીય મહિલા હતી. અદિતિ એક એક્ટ્રેસ પણ છે, તેણે ભેજા ફ્રાઈ, દે દના દન, સ્માઈલ પ્લીઝ જેવી ફિલ્મોમાં કામ કર્યું છે.

તમને જણાવી દઈએ કે મિસિસ વર્લ્ડ વિશ્વની પહેલી આવી સૌંદર્ય સ્પર્ધા છે, જે પરિણીત મહિલાઓ માટે બનાવવામાં આવી છે. એની શરૂઆત ૧૯૮૪માં થઈ હતી. પહેલાં તેનું નામ મિસિસ અમેરિકા હતું, ત્યાર પછી મિસિસ વુમન ઓફ ધ વર્લ્ડ કરવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૮૮માં તેનું નામ મિમિસ વર્લ્ડ રાખવામાં આવ્યું. અગાઉ મિસિસ વર્લ્ડનો ખિતાબ જીતનાર મહિલા શ્રીલંકાની રોઝી સેનાયાયાકે હતી.

પ્રોટેમ સ્પીકર તરીકે યોગેશ પટેલે રાજભવન ખાતે શપથ લીધા, નવા અધ્યક્ષ તરીકે શંકર ચૌધરીએ ફોર્મ ભર્યુ

ગાંધીનગર, રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ નવરચિત ગુજરાત વિધાનસભાના પ્રોટેમ સ્પીકર તરીકે વરિષ્ઠ ધારાસભ્ય યોગેશભાઈ પટેલને રાજ ભવન ખાતે શપથ લેવડાવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલ તેમજ મંત્રી મંડળના મંત્રીઓ અને રાજય સરકારના સચિવો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. રાજયપાલ અને મુખ્યમંત્રીએ યોગેશ પટેલને શુભેચ્છાઓ આપી હતી.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો આવ્યા બાદ ૧૨ ડિસેમ્બરના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને તેમના મંત્રીમંડળે શપથ લીધા હતા. જે બાદ હવે ગુજરાત વિધાનસભાનું વિધાનસભા સત્ર મળવા જઈ રહ્યું છે. આજ તમામ ચૂંટાયેલા ધારાસભ્ય શપથ યોજાશે. સીએમ ભુપેન્દ્ર પટેલથી શપથ લેવાના શરૂઆત થશે.

ત્યાર બાદ મંત્રીઓ અને ત્યાર પછી ચૂંટાયેલા પ્રતિનિધિઓ ધારાસભ્ય તરીકે શપથ લેશે. ધારાસભ્ય શપથ લેવાની સાથે તેઓ મળતા પગર ભથ્થા સહિત તમામ લાભ મળતા હક્કો શ્રી થઈ જશે. આવતી કાલે ૧૫મી ગુજરાત વિધાનસભાનું વિધાનસભા સત્ર મળશે, જેમાં વિધાનસભા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની નિમણૂક કરવામાં આવશે.

વિધાનસભામાં શાસક પક્ષ તરીકે ભારતીય જનતા પાર્ટી છે, ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા વિધાનસભાના અધ્યક્ષ તરીકે ઉત્તર ગુજરાતના મોટા ઓબીસી નેતા એવા શંકર ચૌધરીની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે ઉપાધ્યક્ષ પદે શહેરા બેઠકના સિનિયર ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની નિમણૂક કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, આ બંને હોદ્દા પર સહકાર ક્ષેત્રના મોટા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યું છે. આજે આ બન્ને નેતાઓ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ માટે ફોર્મ ભર્યું હતું. પરંતુ તે પહેલા પ્રોટેમ અધ્યક્ષ તરીકે યોગેશ પટેલની નિમણૂક કરાઈ હતી. જે તમામ ધારાસભ્ય શપથ લેવાડાવશે. વિધાનસભા ખાતે સીએમ ભુપેન્દ્ર પટેલ , અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટિલની આગેવાનીમાં ભાજપ ધારાસભ્ય દળની બેઠક મળી હતી. જેમાં નવા ચૂંટાયેલા ધારાસભ્ય માર્ગદર્શન અપાયું હતું.

દિલ્હી : રામલીલા મેદાનમાં ફરીથી ખેડૂતોનો જમાવડો

નવીદિલ્હી, દિલ્હીના રામલીલા મેદાનમાં ખેડૂતોનો જમાવડો થયો છે. ૭ રાજયોના લગભગ ૪૦ હજાર 'અન્નદાતા' સરકાર પાસે પોતાની માંગણી મનાવવા માટે 'કિસાન ગર્જના રેલી'માં પહોંચ્યા છે. પ્રદર્શનનું આયોજન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંગઠન ભારતીય કિસાન સંઘ (BKS) એ કર્યું છે. રેલી દરમિયાન ભારતીય કિસાન સંઘના નેતાઓએ એક નોટ જારી કરીને કહ્યું કે જો સરકારે સમયસર ખેડૂતોની માંગણીઓ ન માની તો તેણે પરેશાનીનો સામનો કરવો પડશે.

પ્રદર્શનમાં સામેલ થવા માટે મધ્ય પ્રદેશ ઉપરાંત રાજસ્થાન, કર્ણાટક, તમિલનાડુ, કેરળ અને ગુજરાતથી પણ ખેડૂતો પહોંચ્યા છે. આ ખેડૂતોની માંગણી છે કે પાકના દાવ ખર્ચના આધારે નક્કી કરવામાં આવે. આ સાથે જ કિસાન સન્માન નિધિમાં પર્યાપ્ત વધારા સાથે જ કિસાન કૃષિ સાથે જોડાયેલા તમામ સામાન પર જીએસટી ખતમ કરવાની માંગણી પણ કરી રહ્યા છે. પ્રદર્શન કરી રહેલા ખેડૂતોનું કહેવું છે કે પોતાના પાકનું મૂલ્ય નક્કી કરવાનો ખેડૂતોને હક હોવો જોઈએ.

ભારતીય કિસાન સંઘનું કહેવું છે કે સરકાર પાસે તો પહેલેથી જ કિસાન ક્રેડિટ કાર્ડ ધારકોનો ડેટા છે. જેના આધાર પર જ ખેડૂતોને કારોબારી બનવા માટે લાઈસન્સ આપવું જોઈએ. આ માટે અલગથી કોઈ સર્ટિફિકિટની જરૂર ન હોવી જોઈએ. બીકેએસની કાર્યકારી સમિતિના સભ્ય નાના આખરેએ કહ્યું કે જે ખેડૂતો દેશને અનાજ, શાકભાજી, ફળ, દૂધ વગેરે પ્રદાન કરે છે, આજે પોતાની કૃષિ ઉપજ પર યોગ્ય લાભ ન મળવાના કારણે ખુબ નિરાશ છે અને તેના કારણે આત્મહત્યા કરી રહ્યા છે.

કિસાન સંગઠનની માંગણી છે કે સિંચાઈ, અને નદી લિંક પ્રોજેક્ટ્સ માટે પણ મદદ કરવી જોઈએ. બીકેએસએ આ ઉદ્દેશ્ય માટે વધુ પૈસા આપવાની પણ માંગણી કરી છે. કેન્દ્ર સરકાર પાસે ખેડૂતોની માંગણી છે કે જીએ (આનુવાંશિક રીતે સંશોધિત) સરસવના બીજને મંજૂરી મળવી જોઈએ નહીં. દેશની આયાત-નિકાસ નીતિ લોકોના હિતમાં હોવી જોઈએ. દેશમાં જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવાની સાથે સાથે ખેડૂતોની આવક વધારવાની માંગણી સહિત અનેક અન્ય માંગણીઓ પણ થઈ રહી છે.

કર્ણાટક-મહારાષ્ટ્ર બોર્ડર વિવાદ : ૩૦૦થી વધારે શિવસેના, કોંગ્રેસ અને એનસીપીના કાર્યકર્તાઓની અટકાયત

બેલગાવી, શિવસેના, કોંગ્રેસ અને એનસીપીના ૩૦૦થી વધારે કાર્યકર્તા અને નેતાઓને સરહદ પર રોકવામાં આવ્યા છે અને કર્ણાટક પોલીસ દ્વારા પાછા મોકલી દેવામાં આવ્યા છે. જ્યારે અમુકને મહારાષ્ટ્ર પોલીસે ધરપકડ કરી હતી. હકીકતમાં કર્ણાટક-મહારાષ્ટ્ર સરહદ પર વધી રહેલા તણાવ વચ્ચે કર્ણાટકમાં બીએસ બોમ્મઈ સરકારના અંતિમ શિયાળુ સત્ર માટે આજે મોટા પાયે વિરોધ પ્રદર્શનની યોજની બનાવી હતી. ત્યારે આવા સમયે એનસીપી અને શિવસેનાના નેતાઓની ધરપકડ કરી લેવામાં આવી છે.

એનસીપીના હસન મુશ્રીફ અને શિવસેનાના કોલ્હાપુર જિલ્લા અધ્યક્ષ વિજય દેવાનેને આજે કર્ણાટકા બેલગાવીમાં પ્રવેશ કરવાની કોશિશ કરતા ધરપકડમાં લીધા હતા, જે દાયકા જૂના સરહદ વિવાદનું કેન્દ્ર છે.

મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ નાના પટોલેએ પ્રધાનમંત્રી મોદી પર ભારતને વિભાજીત કરવાનો આરોપ લગાવતા કહ્યું કે, કેન્દ્ર સરાકરના કારણ સરહદ વિવાદ થઈ રહ્યો છે. પીએમ મોદી મહારાષ્ટ્રને વિભાજીત કરવા માગે છે, બંને મુખ્યમંત્રીઓ અને ગૃહમંત્રી અમિત શાહની વચ્ચે બેઠક છતાં નેતાઓને ત્યાં જવાની મંજૂરી કેમ નથી? તેનાથી ખબર પડે છે કે, તેની પાછળ કેન્દ્ર સરકાર છે.

ઓનલાઈન ગેમ્સ ઉપર ૨૮ ટકા GST રહેશે

નવીદિલ્હી, ઓનલાઈન ગેમિંગ અને કેસિનો પર જીએસટી બાબતે કોન્રાડ સંગમાની અધ્યક્ષતાના ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સ (જીઓએમ)નો અહેવાલ સુપરત ન કરાયો હોવાથી જીએસટી કાઉન્સિલની બેઠકમાં એ બાબતે ચર્ચા કરાઈ નહોતી, પરંતુ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટ ટૅક્સીસ (સીબીડીટી)ના વડા વિવેક જોહરીએ બે બાબતો પર ૨૮ ટકા ટૅક્સ લાગુ કરવાની જાહેરાત કરી હતી.

વિવેક જોહરીએ જણાવ્યું હતું કે જેમાં જીત ચોક્કસ પરિણામ પર આધારિત હોય એવી ઓનલાઈન ગેમ્સમાં જે રકમ દાવ પર લગાડાઈ હોય એ રકમ (ફુલ બેટ વેલ્યૂ) પર ૨૮ ટકા ટૅક્સ લાગુ કરવામાં આવશે.ગેમ્સક્રાફ્ટ ટેક્નોલૉજી પ્રાઈવેટ લિમિટેડ (જીટીપીએલ)ની કર (જીએસટી) ચોરીનો કેસ હજુ અદાલતમાં છે, એ સ્થિતિમાં વિવેક જોહરીની આ ટિપ્પણી મહત્ત્વપૂર્ણ છે.

ડિરેક્ટરેટ જનરલ ઓફ જીએસટી ઇન્ટેલિજન્સ (ડીજીસીઆઈ)ના તંત્રે ૨૧,૦૦૦ કરોડ રૂપિયાનો જીએસટી નહીં ચૂકવવા બદલ ગયા સપ્ટેમ્બર મહિનામાં બેંગલૂરુની જીટીપીએલ કંપનીને સો કૉઝ નોટિસ મોકલી હતી.

વિપક્ષને વિદેશ મંત્રીનો જવાબ : અમને રાજકીય ટીકાથી કોઈ વાંધો નથી, પરંતુ સૈનિકોનું અપમાન ન કરો

નવીદિલ્હી, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નિવેદન પર વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે લોકસભામાં પલટવાર કર્યો. તેમણે કહ્યું કે અમને રાજકીય ટીકાથી કોઈ વાંધો નથી, પરંતુ આપણે આપણા જવાનોનું અપમાન ન કરવું જોઈએ. જ્યારે હું જોઉં છું કે કોણ સલાહ આપી રહ્યું છે, ત્યારે હું ફક્ત નમન કરી શકું છું. મારપીટ શબ્દનો ઉપયોગ જવાનો માટે ન થવો જોઈએ.

તેમણે કહ્યું કે જો આપણે ચીન પ્રત્યે ઉદાસીન હતા તો ભારતીય સેનાને સરહદ પર કોણે મોકલી. જો આપણે ચીન પ્રત્યે ઉદાસીન હતા, તો આજે આપણે શા માટે ચીન પર ડી-એસ્કેલેશન માટે દબાણ કરી રહ્યા છીએ? શા માટે આપણે જાહેરમાં કહીએ છીએ કે અમારા સંબંધો સામાન્ય નથી?

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે આપણે આપણા જવાનોની સીધી કે આડકતરી રીતે ટીકા ન કરવી જોઈએ. આપણા સૈનિકો યાંગત્સેમાં ૧૩ હજાર ફૂટની ઉંચાઈ પર ઉભા રહીને આપણી સરહદની રક્ષા કરી રહ્યા છે. તેમને આદર અને પ્રશંસા કરવી જોઈએ.

ઉત્તરાયણને હજી વાર છતા દોરીથી ગળુ કપાઈ જવાની ઘટનાઓ શરૂ, સુરતમાં પતિનું ગળુ કપાયું, પત્ની ઘાયલ

સુરત, ઉત્તરાયણના પર્વને હજુ ઘણા દિવસો બાકી છે, પરંતુ તે પહેલા જ પતંગની દોરીની રામાયણ શરૂ થઈ ગઈ છે. અત્યારથી જ આકાશમાં પતંગો ઉડતા લોકોના ગળા કપાવા લાગ્યા છે. સુરત શહેરના પાંડેસરામાં યુવાન બાઈક પર પત્ની સાથે પસાર થઈ રહ્યો હતો, ત્યારે પતંગની દોરી ગળામાં લપટાઈ જતા ગળું કપાઈ જવાની ઘટના બની છે. ત્યારે પત્નીએ પતિને બચાવવાનો પ્રયાસ કરતા પત્નીના આંગળીઓમાં ગંભીરતા ઈજા પહોંચી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં આવેલ પુનિત નગર ખાતે રહેતો ૨૭ વર્ષે બબલુ હરીચંદ્ર વિશ્વકર્મા પાંડેસરા પિયુષ પોઈન્ટ બ્રિજ પરથી બાઈક પર પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન તેમના શરીર પાસેથી પતંગની દોરી પસાર થઈ ગઈ હતી. જેથી બબલુ વિશ્વકર્માનું ગળું કપાઈ ગયું હતું. જેથી તેઓ લોહી લુહાણ થઈ જતા તાત્કાલિક સારવાર અર્થ નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. ગંભીર રીતે ગળું કપાઈ ગયુ હોવાથી તેમને ઈમરજન્સી વોર્ડમાં ખસેડીને હોસ્પિટલના ડોક્ટરો દ્વારા ઓપરેશન કરાયુ હતું. હાલ બબલુ વિશ્વકર્મા સિવિલ હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યાં છે. આ સમયે તેમની પાછળ તેમના પત્ની બેસ્યા હતા. પતિને બચાવવા જતા પતંગની દોરીથી તેઓ પણ ઈજાગ્રસ્ત થયા હતા. પત્નીને પતંગના દોરીથી હાથમાં સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

ઉલ્લેખનીય છે કે ઉત્તરાયણના પર્વને હજુ શરૂ થવા ઘણા દિવસ બાકી છે, ત્યારે અત્યાર સુધીમાં પતંગથી દોરીથી કપાઈ જવાના ત્રણ કિસ્સાઓ સામે આવ્યા છે. જેમાં બે લોકોનું ગળું ગંભીર રીતે કપાઈ જવાની ઘટના બની છે. જ્યારે સુરત મહાનગરપાલિકા ઉત્તરાયણ પર્વના બે મહિના પહેલા પતંગની કાતિલ દોરીથી બચાવવા માટે શહેરના બ્રિજ ઉપર તાર લગાવવાની કામગીરી કરતી હોય છે, પરંતુ હવે ઉત્તરાયણના પર્વને ૨૫ દિવસ બાકી છે. અત્યાર સુધી પણ સુરત મહાનગરપાલિકા દ્વારા બ્રિજો ઉપર તાર લગવાની કામગીરી કરવામાં આવી નથી, જેથી અત્યારથી જ બનાવો બનવાની શરૂઆત થઈ ગઈ છે.

પાટીદારો પરના કેસ ઝડપથી પરત ખેંચાશે, ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલનો દાવો

ગાંધીનગર, આજે ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભાના ચૂંટાયેલા તમામ ૧૮૨ ધારાસભ્યોની શપથવિધિ થઈ હતી. પ્રોટેમ સ્પીકર યોગેશ પટેલે તમામ ધારાસભ્યોને શપથ લેવડાવ્યા હતા. ત્યારે વિધાનસભામાં જતા પહેલા વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે મોટુ નિવેદન આપ્યુ હતું. હાર્દિક પટેલે દાવો કર્યો કે, પાટીદારો પરના કેસ ઝડપથી પરત ખેંચાશે.

હાર્દિક પટેલે કહ્યું હતું કે, પાટીદાર પર થયેલા કેસ અંગે કઈ નિર્ણય લેવાશે. ઋષિકેશ પટેલ સાથે આ અંગે વાતચીત કરાઈ છે. કાયદાની પક્રિયામાં રહી આગળ કાર્યવાહી કરવામાં આવશે. મારી પર હાલમાં ૨૮ કેસ છે. અમે જ સરકાર અને અમે જ વિપક્ષની ભુમિકા નિભાવીશું. નેતાની છબી હતી કે તે ધોતી કુર્તામાં હોય જોકે હવે નવી જનરેશનના નવા યુવાનો નેતૃત્વ કરી રહ્યા છે એટલે જીન્સ શર્ટનો નવો પહેરવેશ જોવા મળે.

વિધાનસભા ચૂંટણી બાદ ભાજપની સમીક્ષા બેઠક ૧ વાગે કમલમ ખાતે યોજાશે. તમામ જિલ્લા, શહેર પ્રમુખ સાથે તેઓ બેઠક કરશે. ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ ની અધ્યક્ષતામાં બેઠક યોજાશે. દરેક જિલ્લાના પરિણામો અંગે ચર્ચા થશે. હારેલી બેઠકો પર સ્થિતિ અંગે ચર્ચા થશે. હારના કારણો અને વિપક્ષની સ્થિતિ અંગે સમીક્ષા થશે. કેટલાક જિલ્લાઓમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ ચૂંટણીમાં થઈ હોવાનો એક સુર કર્યો. આ પ્રકારની ગતિવિધિઓ રિપોર્ટ મંગાશે.

POKને લાવવા પર કેન્દ્રનો શોર તો બેલગાવી સીમા વિવાદ પર ચુપકીદી કેમ : સંજય રાઉત

મુંબઈ, શિવસેના (ઉદ્ધવ બાલા સાહેબ ઠાકરે) જુથના નેતા સંજય રાઉતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ટીકા કરી હતી.શિવસેના નેતાએ કહ્યું કે તે જે લાંબા સમયથી કર્ણાટકના બેલગાવી ક્ષેત્રના લોકોની આકાંક્ષાઓની ઉપેક્ષા કરી રહ્યાં છે.આ લોકો ગત સાત દશકોથી તે વિસ્તારને કર્ણાટકથી મહારાષ્ટ્રમાં સામેલ કરવાની માંગ કરી રહ્યાં છે.

રાજયસભાના સાંસદે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે પર પણ પ્રહારો કરતા કહ્યું કે તેઓ ત્યારે પણ ચુપ રહેવાનું પસંદ કરે છે જયારે તેમના સમકક્ષ કર્ણાટકના મુખ્યમંત્રી બસરાવ બોમ્મઈ તેમના રાજયના ગામો પર દાવો કરી રહ્યાં હતાં. સંજય રાઉતનું આ નિવેદન ત્યારે આવ્યું છે જયારે બેલગાવી સહિત રાજયના મરાઠી ભાષા ક્ષેત્રો પર મહારાષ્ટ્રના નવા દાવા બાદ ત્યાં અશાંતિનું વાતાવરણ બનેલ છે.

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ટુંકી મુદતની જાહેર નિવિદા "નં.૧૬" સને ૨૦૨૨-૨૩
ગુજરાત સરકાર

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, પાનમ કોલોની, ગોધરા –૩૮૯૦૦૧ જી.પંચમહાલ, ફોન નં. (૦૨૬૭૨) ૨૪૧૮૧૨ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી જુદા–જુદા ૭ કામો માટે ઓફલાઈન ટેન્ડર, બી–૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૨.૯૭ લાખથી ૪.૯૯ લાખ સુધીની છે. સદર કામના ટેન્ડરો ચાલુ કચેરી દરમ્યાન ઠેકેદારશ્રીએ પોતાના લેટરપેડ ઉપર જરૂરી ટેન્ડર ફી, જરૂરી રજીસ્ટ્રેશન, ચાલુ નાણાંકીય વર્ષ–૨૦૨૨ ની બેંક સોલવન્સી, પાનકાર્ડ તેમજ અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડરની નકલ તા.૨૬/૧૨/૨૦૨૨, ૧૨–૦૦ કલાક સુધી આપવામાં આવશે તથા તા.૩૧/૧૨/૨૦૨૨ ના ૧૮.૦૦ કલાક સુધી ભાવો ભરેલા ટેન્ડરો રજી.પોષ્ટ એડી./સ્પીડ પોષ્ટથી કચેરીમાં પહોંચાડવાના રહેશે. શકય હશે તો તા.૦૧/૦૧/૨૦૨૩ ના ૧૨.૦૦ કલાકે ઉપરોકત કચેરીમાં ભાવો ભરેલા ટેન્ડરો ખોલવામાં આવશે. એક અથવા બધા જ ટેન્ડરો મંજુર કે નામંજુર કરવાની સત્તા કાર્યપાલક ઈજનેરશ્રીની રહેશે. જેના કોઈ કારણો આપવામાં આવશે નહિ.

માહિતી/ગોધરા/૭૪૭/૨૦૨૨

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

કડાણાના કેળામુળ ગામના તળાવને કડાણા કાળા કાંઠા નહેરથી પાણી ભરવાની યોજનાની મંજુરી મળે તેવી રજુઆત



કડાણા,

કડાણા તાલુકામાં આવેલ કેળામુળ ગામ તલાવ ચોમાસામાં પણ વરસાદના પાણી થી નહીં ભરાતાં આ તળાવ હાલ પાણી વગર સુકુ ભઠ્ઠ ભાસી રહેલ છે. આ કેળામુળ તલાવ થી માત્ર બે કીલોમીટર દુર કડાણા ડાબા કાંઠા મુખ્ય નેહર આવેલ છે. જે આ નહેરના પાણી થી કેળામુળનું તળાવ ભરવાની માંગ આ વિસ્તારની ગ્રામજનોને ખેડુતોની છે. આધારભૂત રીતે મળતી માહિતી મુજબ આ કેળામુળ તળાવને કે એલબીસી નહેરના પાણી થી ભરવાની અંદાજીત રૂપિયા ચાર કરોડના ખર્ચે વાળી યોજના છે. અને આ આ કામ અંગેની જરૂરી દરખાસ્ત પ્લાન એસ્ટીમેન્ટ સહીતની જરૂરી મંજુરી અર્થે સરકારમાં વિભાગ દ્વારા મોકલવામાં આવેલ છે.

પરંતુ આ દરખાસ્તને સરકાર માંથી હજુ સુધી જરૂરી વહીવટી મંજુરી નહીં મળતાં આ કામગીરીના ટેંન્ડરની કાર્યવાહી થઈ શકેલ નથી. અને વહીવટી મંજુરી નહીં મળતાં આ કામગીરી અટવાઈ ગયેલ જોવાં મળે છે. સરકાર દ્વારાને વિભાગ દ્વારા કેળામુળ તલાવ ભરવાની કામગીરીની દરખાસ્તને વહીવટી મંજુરી વહેલી તકે આપીને આ કામગીરીના ટેન્ડર બહાર પાડવામાં આવે અને આ કામગીરી વહેલી તકે શરૂ વિભાગ દ્વારા કરાય તે અંગે ઊચ્ચસ્તરે રજુઆતો કરાયેલ છે.

લાયન્સ કલબ લુણાવાડા દ્વારા લુણાવાડા પ્રાથમિક શાળાના બાળકોને ચોપડા, સ્વેટર અને ધાબળા વિતરણ કરવામાં આવ્યા

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

લાયન્સ કલબ લુણાવાડા દ્વારા લુણાવાડા તાલુકાની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જેમના પિતા ન હોય તેવા ૬૮૬, માતા ન હોય તેવા ૨૭૭ અને માતા-પિતા બંને ન હોય તેવા એમ કુલ ૧૧૧૩ જેટલા અનાથ બાળકોને કલેટર મહિસાગરના હસ્તે કલેક્ટર કચેરી સભાખંડ ખાતે ચોપડા, સ્વેટર અને ધાબળા વિતરણ કરવામાં આવ્યા.

આ દાનના મુખ્ય દાતા ડો.આર.બી.પટેલ દ્વારા ૩.૨,૮૦,૦૦૦ જેટલા ખર્ચે લુણાવાડા તાલુકાની ૧૫૦ જેટલી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનાથ બાળકોને જરૂરિયાત ચીજ-વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું તથા તેમના જણાવ્યા પ્રમાણે તેઓ બાળકોને દત્તક લઈ ડોક્ટર-એન્જિનિયર બનાવવા માંગે છે. વધુમાં તેમણે જણાવ્યું કે આચાર્યઓ તથા શિક્ષકોએ શિક્ષણ સાથે લાગણીઓની હુંફ પણ આપવી જોઈએ.

આ કાર્યક્રમમાં ડેપ્યુટી ડી.ડી.ઓ, લાયન્સ કલબના પ્રમુખ ભરતભાઈ ભોઈ, સેક્રેટરી ધિરેનભાઈ મહેતા, ટ્રેઝરર ડો. દિવ્યાંગભાઈ પટેલ, જોઈન્ટ સેક્રેટરી, સભ્યઓ, શાળાના આચાર્યઓ, વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીઓના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આર્મીની લેખિત પરીક્ષા માટેનો નિઃશુલ્ક તાલીમ વર્ગ યોજવાનો હોઈ પાસ થયેલ ઉમેદવારોએ તેમના એડમીટ કાર્ડ સાથે રોજગાર કચેરી લુણાવાડા ખાતે ૧૦ દિવસમાં લેખીત સહમતી આપી જવી

લુણાવાડા,

મહીસાગર જિલ્લાના જે ઉમેદવારો તા-૦૨/૧૧/૨૦૨૨ના રોજ અમદાવાદ ખાતે લશ્કરી ભરતી મેળામાં પાસ થયા છે તે અને જે ઉમેદવારોને એડમીટ કાર્ડ મળેલ છે. તેવા ઉમેદવારો માટે જ આગામી ૧૦ દિવસમાં આર્મીની લેખિત પરીક્ષા માટેનો નિશુલ્ક તાલીમ વર્ગ યોજવાનો હોઈ પાસ થયેલ ઉમેદવારોએ તેમના એડમીટ કાર્ડ સાથે રોજગાર કચેરી લુણાવાડા ખાતે સ્વ ખર્ચે આવી રૂબરૂમાં લેખીત ૧૦ દિવસમાં સહમતી આપી જવા જણાવવામાં આવે છે. તેમ રોજગાર અધિકારી (જન) લુણાવાડા, મહીસાગરની અખબાર યાદીમાં જણાવેલ છે.

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ અંતર્ગત ગુરૂભક્તિ દિન





સંધ્યા સભામાં મહાનુભાવોના ઉદ્ગારો

પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામી, BAPS

નગરમાં પ્રમુખસ્વામી મહારાજની ૩૦ ફૂટ ઊંચી પ્રતિમાનું દર્શન કરીને તેમની સાદગીયુક્ત સાધુતા અને દિવ્યતાનું દર્શન થાય છે. પ્રમુખસ્વામી મહારાજના શણગાર એ દિવ્યતા અને સાદગી હતા અને તે દિવ્ય મુખારવિંદ જોઈને અને લોકો સ્વામીબાપામાં ખેંચાતા હતા.

વિશ્વવિખ્યાત જાદુગર કે. લાલ કહેતા હતા કે મેં હજારો લોકોની આંખો જોઈ છે વશીકરણના જાદુ કરતી વખતે પણ પ્રમુખસ્વામી મહારાજની આંખો જેવી નિર્મળતા ક્યાંય જોઈ નથી.

પ્રમુખસ્વામી મહારાજ શણગાર નહોતા કરતા પરંતુ તેમના સાદગીરૂપી શણગાર ભલભલા ને આંજી દેતા.

: પૂજ્ય આત્મતૃપ્ત સ્વામી, BAPS :

આપણાં શાસ્ત્રો મુજબ ભગવાન ને ઓળખવા માટે, એમનું સ્વરૂપ સમજવા માટે, આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે તેમજ મોક્ષ પામવા માટે ગુરૂની આવશ્યકતા છે અને ગુરૂની પ્રસન્નતા પ્રાપ્ત કરવી એ જ ગુરૂભક્તિ છે. પ્રમુખસ્વામી મહારાજે તેમનું સમગ્ર સમગ્ર જીવન ગુરૂમુખી બનીને સમર્પિત કરી નાખ્યું હતું અને સંસ્થાના પ્રમુખપદે હોવા છતાં પણ યોગીજી મહારાજની આજ્ઞા મુજબ આખું જીવન જીવ્યા, માટે જ યોગીજી મહારાજ કહેતા હતા કે ''પ્રમુખસ્વામી મહારાજ મારૂં સર્વસ્વ છે''.

પ્રમુખસ્વામી મહારાજે સ્વયં કહ્યું કહ્યું હતું કે મારી દૃષ્ટિ ભગવાન સામે હોય અને મારા ગુરૂ શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ મારા પર હોય એ રીતે મારા અગ્નિસંસ્કાર કરશો અને તેઓ સમગ્ર જીવન એ જ રીતે જીવ્યા હતા.

મહંતસ્વામી મહારાજે પણ આ ભવ્ય શતાબ્દી મહોત્સવનું આયોજન કરીને ગુરૂભક્તિ અદા કરી છે.

: પૂજ્ય સ્વયંપ્રકાશદાસ સ્વામી (ડોક્ટર સ્વામી), વરિષ્ઠ સંતવર્ય, BAPS :

સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે, ''સંત સમાગમ એ ચિંતામણી તુલ્ય છે'' અને પ્રમુખસ્વામી મહારાજનો આપણને સંગ મળ્યો એ આપણા માટે સૌભાગ્યની વાત છે.

ભગવાનને યાદ રાખીને જીવવાનું છે અને એ રીતે જીવશો તો રોજ શતાબ્દી મહોત્સવ છે.

: પદ્મશ્રી સવજી ધોળકિયા, ફાઉન્ડર અને ચેરમેન, હરિકૃષ્ણ એક્ષ્પોર્ટસ :

મારા માટે આ બહુ ખુશીનો દિવસ છે કે આટલા મોટા સંતો ભક્તો વચ્ચે મારૂં સન્માન કરવામાં આવ્યું.

આપણે ભગવાનને જોયા નથી પરંતુ ભગવાનની હાજરી વગર આ પ્રમુખસ્વામી મહારાજ નગર શક્ય નથી.

પ્રમુખસ્વામી મહારાજ અને ભગવાન સ્વામિનારાયણની અલૌકિક શક્તિના લીધે ૮૦,૦૦૦ સ્વયંસેવકો સમર્પણ કરી શકે છે.

મેં ૧૯૮૩ માં જનમંગલ નામાવલી ના ૧૧ લાખ પાઠ કર્યા હતા અને એના ફળસ્વરૂપે મેં અત્યારે સુધી જે જે સંકલ્પો કર્યા એ તમામ સંકલ્પો ભગવાને પૂરા કર્યા છે એટલી તાકાત ભગવાનના નામમાં છે.

ભગવાનની પૂજાના કારણકે હું કુસંગો થી બચ્યો છું.

: શ્રી ગોવિંદ ધોળકિયા, ફાઉન્ડર- શ્રી રામકૃષ્ણ એક્ષ્પોર્ટસ:

પ્રમુખસ્વામી મહારાજને જીવનમાં ઘણીવાર મળવાનું થયું એ મારા જીવનનું પરમ સૌભાગ્ય છે.

પ્રમુખસ્વામી મહારાજે નાની વાવડી ગામમાં ૧ દિવસ પધરામણી કરી તેમાં ૮૦ ઘરો સત્સંગી થઈ ગયા એટલો પ્રમુખસ્વામી મહારાજનો પ્રભાવ હતો.

૧૯૮૨ માં એન્ટબર્ગ એરપોર્ટ પર મેં પ્રથમ વખત પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કર્યા હતાં તે મને આજે પણ યાદ છે.

: અરૂણભાઈ ગુજરાતી - પૂર્વ અધ્યક્ષ મહારાષ્ટ્ર સરકાર :

૧૯૮૫ થી હું પ્રમુખ સ્વામી મહારાજના સંપર્કમાં છું અને મને કોઈ પૂછે કે ગુરૂ કેવા હોવા જોઈએ તો હું કહું કે પ્રમુખસ્વામી મહારાજ જેવા હોવા જોઈએ.

હું તો પ્રમુખસ્વામી મહારાજ ને ઈશ્વરતુલ્ય માનુ છું માટે હું કહું છું કે જો માણસને માણસ બનવું હોય તો પ્રમુખસ્વામી મહારાજના આદેશોનું પાલન કરવું જોઈએ.

પ્રમુખસ્વામી મહારાજ એક દેશ કે એક ધર્મના સંત નહોતા પરંતુ તેઓ દરેક ધર્મના સંત હતા.

પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે વિશ્વમાં શાંતિ સ્થાપવી હોય તો દરેક ધર્મોએ સાથે રહીને સમાજ સેવાનું કાર્ય કરવું જોઈએ.

પ્રમુખસ્વામી મહારાજે કરેલા વ્યસનમુક્તિનું કાર્ય કરીને નવા ભારતની રચના કરી છે.

આદર્શ જીવન કેવી રીતે જીવવું જોઈએ એ પ્રમુખસ્વામી મહારાજે શીખવ્યું છે.

બી.એ.પી.એસ સંસ્થા એ આધ્યાત્મિકતાનો જ્વલંત દીપક છે જેની દિવ્ય જ્યોતિને મહંતસ્વામી મહારાજે વિશ્વભરમાં વિસ્તારવાનું ચાલું રાખ્યું છે.

: શ્રી વાય. એસ રાજન, પૂર્વ ચેરમેન NIT મણિપુર :

હું ખૂબ જ ભાગ્યશાળી છું કે આજે હું આ નગરમાં છું અને સને ૨૦૦૧ થી મને આ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે જ્યારે હું પ્રમુખસ્વામી મહારાજને મળ્યો હતો.

મને આજે પણ પ્રમુખસ્વામી મહારાજે મારી પીઠ પર ધબ્બો માર્યો હતો એ મને આજે પણ યાદ છે અને એની શક્તિ કેટલી છે એ મને સારી રીતે ખ્યાલ છે કારણકે જીવનના ખરાબ સમયમાં પણ તેમની દિવ્ય શક્તિ મારી સાથે રહી છે.

કોરોના રોગ આવ્યો ત્યારથી ૨.૫ વર્ષ બાદ આજે હું પ્રથમ વખત વિમાન યાત્રા કરીને આ પ્રમુખસ્વામી મહારાજ નગરમાં આવ્યો છું અને હું ધન્યતા અનુભવું છું.

મને વિશ્વાસ છે કે આ સદીના અંત સુધીમાં વિશ્વનાં ૧૦૦ દેશોમાં બી.એ.પી.એસ ના મંદિરો હશે અને આવનારા ૫૦ વર્ષોમાં વર્ચ્યુઅલ અક્ષરધામ પણ જોવા મળશે.

હું દૃઢપણે માનું છું કે ,''જ્યાં જ્યાં વસે સ્વામિનારાયણનો એક ભક્ત ત્યાં ત્યાં બનશે એક અક્ષરધામ''

હું દરેક યુવાનોને આગ્રહ કરૂં છું કે તમે વચનામૃત વાંચો અને દેશની દરેક ભાષામાં તેનું ભાષાંતર કરીને પ્રકાશિત કરો.

: શ્રી ગોપાલ આર્ય, સેન્ટ્રલ ઓફિસ સેક્રેટરી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) :

હું આજે બપોરથી આ નગરના દર્શન કરૂં છું અને મને ભગવદ્ગીતાનો ''યદા યદા હિ ધર્મસ્ય'' શ્લોક યાદ આવી ગયો અને પ્રમુખસ્વામી મહારાજે એ શ્લોક પ્રમાણે આ ભારત વર્ષમાં સમાજ પરિવર્તન માટે જન્મ ધર્યો હતો એવું હું દૃઢપણે માનું છું કારણકે તેઓ સાચા અર્થમાં યુગપુરૂષ હતા.

પ્રમુખસ્વામી મહારાજ તેમના ઉપદેશ વચનોને રાષ્ટ્રભક્તિ સાથે જોડીને અનેક દેશવાસીઓમાં રાષ્ટ્રભાવના જાગૃત કરી છે.

પ્રમુખસ્વામી મહારાજ જેવા યુગપુરૂષ આ ધરતી પર જન્મ લે છે ત્યારે યુગ પરિવર્તનની લહેર આવે છે.

: શ્રી આલોક કુમાર, કાર્યકારી પ્રમુખ, વિશ્વ હિન્દુ પરિષદ :

આજે આ પ્રમુખસ્વામી મહારાજ નગરમાં આવીને પ્રમુખસ્વામી મહારાજની વિશાળ મૂર્તિ અને તેની આસપાસ દર્શાવેલ તેમની જીવન સમયરેખા જોઈને મને દૃઢપણે મનાયું કે પ્રમુખસ્વામી મહારાજ માટે દિવસરાત અલગ નહોતા કારણ કે તેમના મનમાં ૨૪ કલાક ભગવાન અને તેમના ભક્તોનો જ વિચાર હતો અને પ્રમુખસ્વામી મહારાજ એ સાચા અર્થમાં ''કર્મયોગી'' હતા.

કુદરતી આપદા હોય કે વ્યસનમુક્તિ યજ્ઞ હોય, દરેક પરિસ્થિતિમાં પ્રમુખસ્વામી મહારાજ અને બી.એ.પી.એસ સંસ્થા હંમેશા આગળ રહ્યા છે.

આ પ્રમુખસ્વામી મહારાજ નગરને જોતાં જ પ્રમુખસ્વામી મહારાજ અત્યારે આપણી સાથે હોય તેવી અનુભૂતિ થાય છે.

: ડો. પંકજ ચાંદે, ફાઉન્ડર, વાઈસ ચાન્સેલર, કવિકુલગુરૂ કાલિદાસ સંસ્કૃત યુનિવર્સિટી :

સૌ પ્રથમ હું પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી પર્વ પર પ્રમુખસ્વામી મહારાજને સાચા દિલથી શ્રદ્ધાંજલિ અર્પુ છું.

હું અહી મારા સમગ્ર પરિવાર સાથે આ વિરાટ આયોજન અને નગરદર્શન માટે આવ્યો છું અને ૮૦,૦૦૦ સ્વયંસેવકોને જોઈને હું પ્રમુખસ્વામી મહારાજનો તેમના માટેનો પ્રેમ જોઈએ શકું છું.

આપણાં ઘરમાં કોઈ વ્યક્તિને દાખલ કર્યાં હોય ત્યારે હોસ્પિટલમાં દર્દી જોડે રહેવા માટે કોઈ તૈયાર નથી હોતું પરંતુ અહી ૮૦,૦૦૦ સેવકો નિઃસ્વાર્થ ભાવે સેવા કરવા આવ્યા છે એ જ પ્રમુખસ્વામી મહારાજની દિવ્યતાનો પરિચય કરાવે છે.

બાળ નગરી એ સાચા અર્થમાં સંસ્કાર નગરી છે કારણકે ત્યાં મનોરંજનની સાથે સંસ્કાર આપવામાં આવે છે.

પ્રમુખસ્વામી મહારાજનું હૃદય એ માતૃહૃદય હતું કારણ કે તેમના વ્યવહારમાં ક્યારેય ભેદભાવ જોવા મળ્યો નથી. પ્રમુખસ્વામી મહારાજે હિન્દુ સંસ્કૃતિ નો પ્રચાર દુનિયાના ખૂણે ખૂણે કર્યો છે અને દેશ સેવાનું ઉત્તમ કાર્ય કર્યું છે.

પ્રમુખસ્વામી મહારાજે બનાવેલા ૧૨૪૧ મંદિરો એ હસ્તકલાના ઉત્કૃષ્ટ નમૂના છે.

હું ૨૪ વર્ષ પહેલાં લંડનમાં પ્રમુખસ્વામી મહારાજને મળેલો ત્યારથી મને મનાયું છે કે તેઓ સાક્ષાત દેવ માણુષ છે.

: શ્રી અરૂણ તિવારી, પ્લેટિનમ જ્યુબિલી મેન્ટર, CSIR ઇંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ ટેકનોલોજી :

જ્યારે બધું અકલ્પનીય અને અદ્ભુત હોય ત્યારે બધા એમ કહે કે આ સાચું છે કે સ્વપનું ? એ જ રીતે મને આ પ્રમુખસ્વામી મહારાજ નગર જોઈને મને પણ એમ જ થાય છે કે આ સપનું છે કે સચ્ચાઈ?

ડોક્ટર કલામ સાહેબે પ્રમુખસ્વામી મહારાજે આપેલા મયૂર મુદ્રા અને હાથી એ છેલ્લા શ્વાસ સુધી પોતાની પાસે રાખી હતી કારણકે પ્રમુખસ્વામી મહારાજ અને ડોક્ટર કલામ સાહેબ વચ્ચેનો પ્રેમ અનોખો હતો.

મારા મતે પ્રમુખસ્વામી મહારાજ એ ખુદ શાસ્ત્ર સમાન સંત હતા પરંતુ કલામ સાહેબે મને કહ્યું હતું કે પ્રમુખસ્વામી મહારાજ હજારો લાખો લોકોની જીવન નૈયાના નાવિક હતા.

ડોક્ટર કલામ સાહેબના ગુરૂના ગુરૂના શતાબ્દી મહોત્સવમાં મને હાજર જોઈને જો કલામ સાહેબ પૃથ્વી પર હાજર હોત તો મને કહેત કે ,''પ્રમુખસ્વામી મહારાજ તમારા રક્ષક છે કારણકે સાચા ગુરૂ હંમેશા ભક્તની રક્ષામાં હોય છે.''

: શ્રી કેશવ વર્મા, નિવૃત IAS ઓફિસર, ચેરમેન હાઈ લેવલ કમિટી ઓન અર્બન પ્લાનિંગ, મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ :

આજે ૬૦૦ એકર જમીનમાં પથરાયેલા પ્રમુખસ્વામી મહારાજ નગરને જોઈને હું વિચારૂં છું કે આ જાદુ કઈ રીતે થયું?

ભવ્ય પ્રવેશદ્વાર અને જ્યોતિ ઉદ્યાન વગેરે જોઈને ભારતની ભવ્યતાનો અનુભવ થાય છે.

અહીંની વ્યવસ્થા અને પ્રબંધનને જોઈને હું ખૂબ જ અભિભૂત છું અને નગર સર્જન કરીને તમે આપણી સાચી શક્તિ પ્રદર્શિત કરી છે.

મહંતસ્વામી મહારાજના માર્ગદર્શન હેઠળ આ સંસ્થા વિશ્વનાં અનેક દેશોમાં પહોંચી છે અને અનેક દેશોમાં સ્વાગત કરવામાં આવે છે કારણકે તેમને મેનેજમેન્ટની વ્યાખ્યા જ બદલી નાખી છે.

હું બી એ પી એસ સંસ્થાની મદદ માંગું છું ટકાઉ શહેરી વિકાસ યોજનાઓમાં સહયોગ કરવા માટે.

: પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ, વર્તમાન ગુરૂ, BAPS :

પ્રમુખસ્વામી મહારાજ હંમેશા કહેતા કે ''આપણો જન્મ ગુરૂહરિને રાજી કરવા માટે જ થયો છે, એમની મરજી સચવાય એના માટે જ આપણો જન્મ છે, ગુરૂ કહે તે ઉગમણી દિશા, ગુરૂની મરજી એ આપણું જીવન બને તો અનંત જન્મોનું કામ થઈ જાય''

''ગુરૂનું વાક્ય એ બ્રહ્મવાક્ય'' એમ જ માનવું કારણ કે તેમનામાં રહીને ભગવાન જ બોલે છે

''ગુરૂના વિશે અત્યંત નિર્દોષભાવ રાખવો'' - આ સમજણ સાથે જીવન જીવવાનું છે.

''આપણે ગુરૂને જ રાજી કરવાનો વિચાર રાખવો.''

ઝાલોદમાં રખડતા કુતરાઓમાં રોગ ફેલાતા નગરજનોમાં ફફડાટ

ઝાલોદ,

ઝાલોદ નગરમાં રખડતા કુતરાઓમાં છેલ્લા ઘણા સમયથી કઈક રોગ થયો હોવાનુ સામે આવ્યુ છે. રખડતા જોવા મળતા કુતરાઓ સતત ખજવાળી રહ્યા છે. તેમજ કુતરાઓનુ શરીર નબળુ પડવાની સાથે ખરાબ થતુ જોવા મળી રહ્યુ છે. નગરમાં ફરતા કુતરાઓમાં રોગ ફેલાયાની શક્યતાઓ જોવાઈ રહી છે. હાલમાં નગરમાં સામાન્ય રોગોનો વાવર ચાલી રહ્યો છે. તેવામાં બીજી તરફ નગરોમાં રખડતા કુતરાઓમાં બિમારી વકરતા નગરજનોમાં ચિંતાનો વિષય બન્યો હતો.નગરમાં અસંખ્ય કુતરાઓ ફરી રહ્યા છે. મકાનના ઓટલા પર તથા શહેરીઓમાં નાના બાળકો રમતા હોય છે. ત્યાં આ કુતરાઓ પણ આસપાસ બેસતા હોવાથી નગરમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. કુતરાઓમાં કઈ બિમારી ફેલાઈ છે તેની જવાબદાર વિભાગ દ્વારા તપાસ કરવી જરૂરી બની છે.

આપની આજ.....

મેષ : આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે. આજે કોઈ મહત્વપૂર્ણ કાર્યને કારણે વ્યસ્તતા વધારે રહેશે, બિનજરૂરી ખર્ચ ટાળો.

વૃષભ : તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. આજનો દિવસ તમારો દાનમાં વિતાવશો. કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાક ફેરફાર થઈ શકે છે, જેના કારણે કેટલાક સાથીઓ તમારી સાથે નારાજ થઈ શકે છે.

મિથુન : આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે. વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે. રાજ્યનું સન્માન અને પ્રતિષ્ઠા વધશે. ઉતાવળ અને ભાવુક થઈને લીધેલા નિર્ણયો પાછળથી પસ્તાવો લાવી શકે છે.

કર્ક : આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે. સંબંધીઓમાં તમારી લોકપ્રિયતા વધશે.

સિંહ : આજે તમારી રાશિમાં ગ્રહોના જોડાણને કારણે શુભ સંયોગો થઈ રહ્યા છે. પરિણામે વૃદ્ધ લોકોની સેવા અને શુભ કાર્યો પર પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે. તમે તમારા હરીફો માટે માથાનો દુઃખાવો સમાન રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલીની સ્થિતિ રહેશે.

કન્યા : આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને મન પ્રસન્ન રહેશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા તમને પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે.

તુલા : આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્ત્રોત સર્જાશે. અન્ય લોકો સાથે વાત કરવાની તમારી રીત અને તમારી પ્રામાણિકતા તમને વિશેષ માન આપશે. જીવનસાથીનો સહયોગ પુરતી માત્રામાં મળશે.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. રાજકીય ક્ષેત્રે અકાળે સફળતા પ્રાપ્ત થશે અને બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂર્ણ થશે. તમે સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને જે કામ ઘણા દિવસોથી અટકેલું છે તે આજે પૂર્ણ થશે.

ધનુ : આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો. ધંધામાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે. વિદ્યાર્થીઓ માનસિક બૌદ્ધિક ભારથી મુક્તિ મેળવશે અને તેઓ પહેલાથી હળવાશ અનુભવે છે.

મકર : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે.

કુંભ : આજે અચાનક શરીરના દુઃખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો. પાછળથી દગો થઈ શકે છે. સાંજે માતાની તબિયતમાં સુધારો થશે. તે સંપૂર્ણ સ્વસ્થ થવા માટે સમય લેશે.

મીન : આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે. તમને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળશે અને તમારા બાળકો તમારી સાથે ખુશ રહેશે. તમે સાંજે ધાર્મિક સ્થળોએ જવાનું કાર્ય કરી શકો છો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

વિશ્વકર્મા પુરાણ કથાનો ત્રીજો દિવસ

સત્ય હોય,સાચુહોય અને કડવુ હોય છતાં પણ સમાજને સંભળાવે તે સાચો કથાકાર : જયંતિભાઈ શાસ્ત્રી

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરના રામાનંદ પાર્કમાં શાસ્ત્રી જયંતિભાઈના સ્વમુખે થતી કથામાં ત્રીજા દિવસે શાસ્ત્રીએ સુખ અને દુઃખ વિશે જણાવ્યું કે, સુખ પરિવારને દૂર કરવાનું કામ કરે છે, જ્યારે દુઃખ ભેગા કરવાનું કામ કરે છે. માનવી ગમે તેટલો મોટો હોય પણ ત્યાં વિશ્વકર્માના પાંચ પુત્રો ભેગા થાય તો જ સફળતા મળે વિશ્વકર્માના પાંચ પુત્રો વિશે ખુબ જ અતિમહત્વ સમજાવવામાં આવ્યું હતું.ભગવાન વિશ્વકર્માએ સૃષ્ટીની રચના માટે પાંચ મુખ ધારણ કર્યા અને પાંચ પુત્રોને તેમના મુખ માંથી પ્રગટ કર્યા અને સમાજના ઘડતર કર્યુ. વિશ્વકર્મા ભગવાનના પાંચ પુત્રો જેમાં મનુ–લુહાર, મય–સુથાર, ત્વષ્ટા–કંસારા કામ કરનાર, શિલ્પી–કડીયાકામ કરનાર, દેવજ્ઞ–સોનીનો સમાવેશ થાય છે. તદ્દઉપરાંત વાસ્તુ પણ ભગવાન વિશ્વકર્માના પુત્ર છે. આ પાંચેય પુત્રોને ભગવાન વિશ્વકર્મા એ અલગ અલગ હથિયાર આપ્યા. ભગવાન વિશ્વકર્મા એ પાંચેય પુત્રોને હથિયાર આપ્યા તો તમામના મનમા સવાલ ઉદ્દભવ્યો ત્યારે ભગવાન વિશ્વકર્મા એ વાસ્તુ ભગવાનને કહ્યું કે તમે જે અમૃત લાવ્યા છો, તે આ પાંચેય પુત્રોને પીવડાવી દો. જેથી વિશ્વકર્મા પુત્રોને કોઈ દી ઘનુર ના થાય. કથાના ત્રીજા દિવસના અંતે ભગવાન કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દાહોદ જિલ્લા પંચાલ સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. તેમજ નંદમહોત્સવને પગલે ભગવાન કૃષ્ણને પારણામાં પોઢાઢવામાં આવ્યા. ઉત્સવને પગલે કથા મંડપમાં સૌ હાજર લોકો નાચગાન કરવા લાગ્યા.

દાહોદ ટ્રાફિક પોલીસ દ્વારા પાર્કિંગ બહાર પાર્ક કરેલ વાહન ચાલકો પાસે સ્થળ ઉપર દંડ વસુલાયો

દાહોદ,

દાહોદ શહેરમાં જિલ્લા પોલીસ, ટ્રાફિક પોલીસ તેમજ સ્થાનીક પોલીસના સંયુકત ઉપક્રમે શહેરમાં ટ્રાફિકને અડચણ રૂપ એવા વાહનોને ટોઈંગ કરવાની તેમજ કબજે કરવાની કામગીરી હાથ ધરવામાં આવતાં વાહન ચાલકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. શહેરમાં બે ટીમો તૈનાત કરી દેવામાં આવી હતી. જેમાં પડાવ વિસ્તારથી લઈ સ્ટેશન રોડ સુધી પાર્કિંગ બહાર પાર્ક કરેલા વાહનો ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરી સ્થળ પરજ દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

દાહોદ શહેરમાં ટ્રાફિક જામની સમસ્યાથી સૌ કોઈ હેરાન પરેશાન છે. વાહન ચાલકો દ્વારા પોતાના વાહનો પાર્કિંગવાળા સ્થળોથી બહાર પાર્ક કરી લેતાં વાહન ચાલકો તેમજ રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોય છે. ત્યારે દાહોદ શહેરમાં ટ્રાફિકનું ભારણ ઓછું કરવા તેમજ તેમજ રસ્તાની વચ્ચે વાહનો પાર્ક કરતાં વાહન ચાલકો સામે જિલ્લા પોલીસ, ટ્રાફિક પોલીસ તેમજ સ્થાનીક પોલીસના સંયુક્ત ઉપક્રમે સ્પેશીયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આજરોજ દાહોદ શહેરમાં બે ટીમો ખડકી દેવામાં આવી હતી. એક ટીમ પડાવ વિસ્તારમાં તેમજ અન્ય એક ટીમે સ્ટેશન રોડ ખાતે કાર્યવાહી કરી હતી. જેમાં પાર્કિંગના સ્થળોની બહાર તેમજ રસ્તાની વચ્ચે પાર્ક કરેલ વાહનો જેમાં મોટર સાઈકલો તેમજ ફોર વ્હીલર ગાડીઓના ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. વાહન ચાલકોને સ્થળ પરજ દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી અને ઘણા વાહનોને ટોઈંગ કરી પોલીસ મથકે પણ લઈ જવામાં આવ્યાં હતા. ત્યારે બીજી તરફ એક વાઈસ પ્રેસીડેન્ટ ડિસ્ટ્રીક પંચાયત, દાહોદ લખેલ ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાની ફોર વ્હીલર સ્ટેશન રોડ પર સ્વામી વિવેકાનંદ ચોકની વચ્ચો વચ્ચ પાર્ક કરી ગાડીનો ચાલક ક્યાંક ચાલ્યા જતાં પોલીસને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આખરે કલાકોના સમયગાળા બાદ પોલીસે આ ફોર વ્હીલર ગાડીને લોક મારી દીધી હતી અને દંડનીય કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી હતી. દાહોદ શહેરમાં પુનઃ પોલીસ દ્વારા વાહન ચાલકો સામે લાલ આંખ કરી કાર્યવાહી કરવામાં આવતાં વાહન ચાલકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

ઝાલોદના યુવકને રેલ્વેમાં નોકરીના બહાને ૮ લાખની ઠગાઈ કરનાર ત્રણ ભેજાબાજને ઝડપી લેવાયા

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં થોડા દિવસો પહેલાં એક બેરોજગાર યુવકે સાથે રેલ્વેમાં નોકરી અપાવવાના બહાને મધ્યપ્રદેશની એક મહિલા સહિત ત્રણ ઈસમોએ રૂ. ૮ લાખની છેતરપીંડી, વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. ત્યારે પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ તપાસનો ધમધમાટ આરંભ કરી ત્રણેય ભેજાબાજોને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધાં હતાં.

ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં શાંતિનગર સોસાયટીમાં રહેતાં ૨૬ વર્ષીય નિતીનભાઈ મોહનભાઈ વાલ્મીકીને દાહોદમાં રહેતો અંકિત રાઠોડ અને મધ્યપ્રદેશમાં રહેતાં દુર્ગેશ્વરીબેન વસંતસિંગ વાઘેલા તેમજ અભિજીત ગિરીશભાઈ સાહુએ રેલ્વેમાં નોકરી અપાવવાની લાલચ આપી ત્રણેય જણાએ આગોતરૂં કાવતરૂં રચી અલગ અલગ સમયગાળા દરમ્યાન નિતીનભાઈ પાસેથી ટુકડે ટુકડે કુલ રૂા. ૮ લાખ પડાવી લીધાં હતાં અને બાદમાં રેલ્વેમાં નોકરી અપાવવામાં ગલ્લા તલ્લા કરી નિતીનભાઈએ આપેલ રૂા. ૮ લાખ પરત નહીં કરતાં આ સંબંધે નિતિનભાઈ દ્વારા ગત તા.૧૬મી ડિસેમ્બરના રોજ લીમડી પોલીસ મથકે ઉપરોક્ત ત્રણેય ઈસમો વિરૂદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાંવતાં પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરી તેજ દિવસે ત્રણ પૈકી દાહોદના અંકિત રાઠોડની ધરપકડ કરી લીધી હતી અને ત્યાર બાદ ગતરોજ મધ્યપ્રદેશના રહેવાસી દુર્ગેશ્વરીબેન વસંતસિંહ વાઘેલા અને તેની સાથેનો અભિજીત ગિરીશભાઈ સાહુને પણ પોલીસે ઝડપી પાડી ગણતરીના કલાકોમાં ગુન્હાનો ભેદ ઉકેલવામાં સફળતાં મેળવી હતી.

દે.બારીયા શહેરમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કચરો સંગ્રહ કરવા માટે કન્ટેનર ક્યારે મુકવામાં આવશે...???

દે.બારીયા,

દે.બારીયા શહેરના દરેક વિસ્તારો માંથી કચરાનું યોગ્ય નિકાલ થાય તેના માટે ૫–૭ વર્ષના સમય અગાઉ પાલિકાના દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૧૦ થી ૧૫ જેટલા લોખંડના કન્ટેનરની વ્યવસ્થા કરી હતી. જે હાલમાં તમામ જાહેર ઉકરડાની જગ્યા ઉપરથી ગાયબ છે. જેથી જાહેર રોડ ઉપર કચરો નાખવામાં આવે છે. જેથી નવા કન્ટેનર મુકવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. હાલમાં ઠલવાતો કચરો ખુલ્લામાં શહેરની સ્વચ્છતા તેમજ લોકોના આરોગ્યને માટે હાનિકારક છે.

મળતી માહિતી પ્રમાણે લગભગ ૫ થી ૬ વર્ષ અગાઉ જુદા જુદા વિસ્તારોમાંનો કચરો નાખી શકે તે માટે લાખ્ખોના ખર્ચે ૧૦ થી ૧૫ જેટલા લોખંડના કન્ટેનર મુકવામાં આવ્યા હતા. જે લોખંડના કન્ટેનર ભંગારની હાલતમાં તુટી ગયા બાદ તે ક્યાં ગયા ક્યારે હરાજી કરવામાં આવી કે નથી આવી. તે આમ જનતાને ખબર નથી પરંતુ એટલું ખબર છે કે તુટી ગયેલા કન્ટેનર હટાવ્યા બાદ નવા કન્ટેનર મુકયા નથી. દૈનિક શહેરનો કચરો જાહેર ઉકરડા ઉપર ખુલ્લામાં ફેંકાય છે અને તે કચરાને મોતીપુરા વર્ક કમ્પોઝના ડમ્પીંગ સેશને ખાલી કરાતો હતો. હાલમાં એકપણ જાહેર ઉકરડા ઉપર કન્ટેનર નથી. કોણ અને કયારે નવા કન્ટેનર મુકશે તે યક્ષ પ્રશ્ન છે.

દાહોલ ખીલખીલાટ વાનના કર્મચારીએ વાનમાં ભુલી ગયેલ મોબાઈલ ફોન પરિવારને પરત આપ્યો

દાહોદ,

દાહોદમાં ખીલખીલાટ વાનના કર્મચારીએ પોતાની વાનમાં રૂા. ૨૨ હજારનો મોબાઈલ ફોન ભુલી ગયેલા એક પરિવારને તેમનો મોબાઈલ ફોન પરત કરી પ્રમાણિકતાનું ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

દાહોદની ઝાયડસ જનરલ હોસ્પિટલ લોકેશન ખાતે ફરજ બજાવતા ખિલખિલાટ વાનના કેપ્ટન વીરેન્દ્ર કુમાર એસ રાઠોડ દ્વારા તેઓની ફરજ દરમિયાન તેઓ હોસ્પિટલથી માતા અને બાળકને દાહોદના ગલાલિયાવાડ ખાતે મૂકવા ગયા હતા. ત્યારબાદ મૂકીને પરત હોસ્પિટલ ફર્યા ત્યારે હોસ્પિટલ ખાતે આવીને ગાડીમાં પાછળના ભાગમાં તેઓએ જોતા તેમને એક ઓપો કંપનીનો મોબાઈલ ફોન મળ્યો હતો. તે મોબાઈલ ફોનની કિંમત આશરે રૂપિયા ૨૨,૫૦૦ જેટલી હતી. તેઓને ફોન મળ્યા બાદ તેઓ તે મોબાઈલ ફોનમાં દર્દીના સગા સંબંધી કે તેઓના ઘરે થી કોઈકનો સંપર્ક કરીને કહ્યું કે, આ તમારો ફોન અમારી ખિલખિલાટ વાનમાં તમે ભૂલી ગયા છો. તમે અહીં આવીને મોબાઈલ ફોન લઈ જાઓ તેમ કહી દર્દીના સગા સબંધીને બોલાવીને આશરે રૂપિયા ૨૨,૫૦૦/–ની કિંમતનો ફોન પરત કરી ખિલખિલાટ વાનના કેપ્ટન વીરેન્દ્ર કુમાર એસ.રાઠોડ એ પ્રમાણિકતાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું.

ઝાલોદ પ્રાંત કેમિસ્ટ એસોસીએશનની કારોબારી મીટિંગ માનગઢ ખાતે યોજાઈ

તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

તા.૧૮–૧૨–૨૦૨૨ રવિવારના રોજ ઝાલોદ પ્રાંતના તમામ કેમિસ્ટ ડ્રગ એસોસિએશનની મીટીંગ માનગઢ ખાતે યોજાઈ હતી. આ મીટીંગમાં ઝાલોદ, સુખસર, લીમડી, સંજેલી, ફતેપુરાના તમામ કેમિસ્ટોએ ભાગ લીધો હતો. આ મૈત્રી મીટિંગ નવી કારોબારીની રચના માટે યોજાઈ હતી. આ મીટીંગમાં દરેક કેમિસ્ટ પરિવાર સાથે ભેગા થયા હતા. દરેક કેમિસ્ટો દ્વારા પોત પોતાના વિસ્તારમાંથી એક વાહન કરી માનગઢ ખાતે સવારે ૧૨ વાગ્યે પહોંચ્યા હતા. પ્રકૃતિની ગોદમાં આવેલ માનગઢ ધામ ખૂબ જ સુંદર અને આહ્લાદક હોઈ સહુ કોઈએ ખૂબ જ સુંદર વાતાવરણમાં મિલન ગોષ્ટિ કરી હતી. ત્યાં પહોંચ્યા પહેલા સહુ કોઈએ ચા–નાસ્તો કરી કારોબારીની મીટિંગ ચાલુ કરી હતી. આ કારોબારી મીટિંગના સામાન્ય સભાના પ્રમુખ વડીલ બનવારીલાલ અગ્રવાલને પ્રમુખ બનાવ્યા હતા. આ કારોબારી મીટીંગમાં સહુ કોઈ કેમિસ્ટ દ્વારા પોતાનો પરિચય આપવામાં આવ્યો હતો અને સાથે સાથે દરેક કેમિસ્ટનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ બધાં કેમિસ્ટોની સંમતિથી કારોબારીની રચના કરવામાં આવી હતી. ઉપસ્થિત સહુ કેમિસ્ટ માટે હરવા ફરવા ઉપરાંત રમત ગમત સાથે ચા–નાસ્તો તેમજ બે ટાઈમ જમવાની સુંદર વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. સાથે સાથે ડો. રેડ્ડી ફાર્મા દ્વારા CMC રાખી પ્રોડક્ટ પણ લોન્ચ કરેલ હતી. આ સમગ્ર આયોજન ઝાલોદ પ્રાંતના કેમિસ્ટ એસોસીએશનના પ્રમુખ ગોરધનભાઈ પટેલની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી.

ગાંધીનગર GCERT અને ડાયટ દાહોદ પ્રેરિત ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજયું

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર અને ડાયટ દાહોદ પ્રેરિત, દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને મહાત્મા ગાંધી શાળા વિકાસ સંકુલ ૧ તેમજ સેન્ટ સ્ટીફન સ્કૂલ દાહોદ દ્વારા આયોજિત, ગણિત–વિજ્ઞાન પ્રદર્શન ૨૦૨૨, તારીખ ૧૯ ૧૨ ૨૦૨૨ ને સવારમાં ૧૦ કલાકે યોજવામાં આવ્યો. આ કાર્યક્રમના અધ્યક્ષ અને ઉદઘાટક જિલ્લા શિક્ષણ અધિકારી સુ કાજલબેન દવે હતા મુખ્ય મહેમાન જે.આર.પટેલ પ્રમુખ દાહોદ ગરબાડા તાલુકા આચાર્ય સંઘ, અને એન.એસ પરમાર મંત્રી દાહોદ ગરબાડા તાલુકા આચાર્ય સંઘ હતા. તેમજ શિક્ષણ નિરીક્ષક મેધાવિનીબેન શાસ્ત્રી, મદદનીશ શિક્ષણ નિરીક્ષક સંજયભાઈ પરમાર, અન્ય શાળાઓના આચાર્ય, ક્યુડીસી કન્વીનરઓ, ક્રિડા મંડળના મંત્રી, વિજ્ઞાન મંડળના મંત્રીની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી. સ્વાગત પ્રવચન સંકુલ સંયોજક ફાઘર મારિયા પોલરાજ દ્વારા કરવામાં આવ્યું. જિલ્લા વિજ્ઞાન મંડળના મંત્રી ક્મલેશ લીમ્બાચીયા દ્વારા પ્રસંગને અનુરૂપ ઉદબોદન કરવામાં આવ્યું. દાહોદ જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ ઈશ્વરભાઈ પરમાર, અને મુખ્ય મહેમાનો દ્વારા પણ ઉદ્દબોદન કરવામાં આવ્યું. અધ્યક્ષ કાજલબેન દવે દ્વારા પણ ગણિત વિજ્ઞાન પ્રદર્શન ને અનુરૂપ ઉદ્દબોધનમાં જણાવ્યું કે, બાળ વૈજ્ઞાનિકો તૈયાર કરવા માટે વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવે છે. આભાર વિધિ સહસંયોજક રીપલભાઈ અગ્રવાલ દ્વારા કરવામાં આવી. રાષ્ટ્રગાન બાદ વિજ્ઞાન મેળાને ખુલ્લો મુકવામાં આવ્યો. આ ગણિત–વિજ્ઞાન પ્રદર્શનમાં પાંચ વિભાગમાં ૭૦ જેટલી કૃતિ રજૂ કરવામાં આવી.

ઝાલોદ તાલુકાના લીમડી પોલિસ સ્ટેશનની હદમાં એમ્બ્યુલન્સમાં લઈ જવાતો દારૂ પકડાયો

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના લીમડી વિસ્તારમાં આવેલ સુથારવાસા મુકામે થી તારીખ ૧૭–૧૨–૨૦૨૨ ના રોજ રાત્રે બાતમીના આધારે પોલિસ દ્વારા એમ્બ્યુલન્સમાં લઈ જતા દારૂ મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે. સફેદ કલરની એમ્બ્યુલન્સ જેનો નંબર GJ.20.X.0436 માં સંજયભાઈ નરસીંગભાઈ પણદા, રહે.બોરપાણી તેનાં ડ્રાઈવર સાથે ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ લઈને આવતા હોવાની બાતમી મળેલ હતી. વધુ તપાસ કરવા માટે પોલિસ દ્વારા માહિતીને આધારે વોચ ગોઠવવા આવી હતી. માહિતી પ્રમાણે એક એમ્બ્યુલન્સ આવતી દેખી પોલિસ દ્વારા રોકવામાં આવી હતી. ત્યાર બાદ પોલિસ દ્વારા રોકતા બે ઈસમો પોલિસ જોઈ નાશી છુટેલ હતા. ત્યાર બાદ એમ્બ્યુલન્સની તલાસી લેતા તેમાંથી ૫૯૮૫૬ નો દારૂ તેમજ બોલેરોની કીમત ૭,૦૦,૦૦૦ થઈ ૭,૫૯,૮૫૬ રૂપિયાનો મુદ્દામાલ લીમડી પોલિસ દ્વારા ઝડપી પાડવામાં આવેલ હતો. આમ, લીમડી પોલીસને એમ્બ્યુલન્સની આડમાં દારૂની હેરફેર કરતા ઝડપવામાં મોટી સફળતા મળેલ છે.

દાહોદ તાલુકા પંચાયત બહાર જમાઈ તથા તેના પરિવારજનોએ કાકા સસરાંને મારમારી ઈજાઓ પહોંચાડતા ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકામાં આવેલ પંચાયત બહાર જમાઈ તથા તેમના પરિવારના સભ્યોએ કાકા સસરા સાથે નજીવી બાબતે ઝઘડો તકરાર કરી ગડદાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે. દાહોદ તાલુકાના દશલા ગામે મકવાણા ફળિયામાં રહેતાં કનુભાઈની દિકરી હેતલબેનના લગ્ન સમાજાન રિતી રિવીજ મુજબ ૨૦૧૯ની સાલમાં ગરબાડા તાલુકાના જેસાવાડા મુકામે રહેતાં નીરવ મનસુખ પરમાર સાથે થયાં હતાં. લગ્ન બાદ બંન્ને પતિ પત્નિ વચ્ચે આંતરિક વિવાદ થતાં હતાં. ૨૦૨૧માં નીરવે તેમની પત્નિ હેતલબેનને તેના પિયરમાં મુકી આવ્યો હતો. આ સમગ્ર મામલે સમાજ રાહે નીકાલ થવાનો હતો, પરંતુ નિકાલ ન થતાં અને આ મામલે બંન્ને પતિ પત્નિ વચ્ચે છુટાછેડા કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને કેસ પણ કોર્ટમાં કર્યો હતો. ત્યારે ગત તા.૧૭મી ડિસેમ્બરના રોજ દાહોદ તાલુકા પંચાયતની બહાર મોહનભાઈ પુંજાભાઈ મકવાણા પોતાની મોટર સાઈકલ લઈ આવ્યાં હતા. ત્યારે એક ફોર વ્હીલર ગાડીમાં સવાર થઈ આવેલા નીરવભાઈ મનસુખ પરમાર, ગૌરાંગ બાબુભાઈ પરમાર અને બાબુભાઈ કેવળભાઈ પરમારનાઓએ મોહનભાઈને બેફામ ગાળો બોલી નીરવભાઈ કહેવા લાગેલ કે, મારી પત્નીનો આ માણસ નિકાલ નથી કરવા દેતો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ ઉપરોક્ત ત્રણેય જણાએ મોહનભાઈને ગડદાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત મોહનભાઈ પુંજાભાઈ મકવાણાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ સેવાસદન ખાતે સંકલન સમિતિની બેઠકમાં ટ્રાફિક પોલીસ મથક શરૂ કરવાનું નકકી કરાયુ

દાહોદ,

દાહોદ શહેરમાં જિલ્લા સેવાસદન ખાતે કલેકટર ડો.હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. સંકલન સમિતિની બેઠકમાં નવનિર્વાચિત ધારાસભ્યઓનુ અધિકારીઓ દ્વારા સાલ, મોમેન્ટો આપીને ઉષ્માભર્યુ સ્વાગત કરાયુ હતુ. બેઠકમાં સાંસદ જશવંતસિંહ ભાભોર, ધારાસભ્ય સર્વે શૈલેષભાઈ ભાભોર, કનૈયાલાલ કિશોરી, મહેન્દ્ર ભાભોર, સહિતના પદાધિકારીઓ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંકલન બેઠકના પ્રથમ ભાગમાં ધારાસભ્યોના પ્રશ્નો લેવામાં આવ્યા હતા. જેમાં દાહોદ નગરમાં ટ્રાફિકનો પ્રશ્ન, જિલ્લામાં આરોગ્ય સેવાઓ, પ્રાથમિક શિક્ષણ, નલ સે યોજના, રસ્તાઓ, સ્માર્ટ સિટી સહિતના પ્રશ્નોનો બેઠકમાં સંતોષકારક નિકાલ કરવામાં આવ્યો હતો. જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાએ દાહોદ નગરમાં ટ્રાફિકના પ્રશ્ને જણાવ્યુ હતુ કે, ટ્રાફિક નિયમન ટ્રાફિક પોલીસ તેમજ પોલીસ દ્વારા કરાય છે. ટ્રાફિક પોલીસની જે ઘટ હતી તે હવે ભરી દેવામાં આવી છે અને ૧૮૦ જેટલા ટ્રાફિક કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.101

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

ગોધરામાં પોસ્ટ એજન્ટ રાજેશ ત્રિવેદીની

ગોધરા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી કોર્ટમાં રજુ કરી ૪ દિવસના રીમાન્ડ મેળવ્યા

રાજેશ ત્રિવેદીએ ૧૨૦ વ્યકિતના ૫.૨૨ કરોડ ઉપરાંતનું કુલેકું ફેરવનાર ૧૦ વર્ષ પોલીસની પકડમાં આવ્યો

ગોધરા,

ગોધરા શહેર પોસ્ટ ઓફિસમાં એજન્ટ તરીકે કામગીરી કરતાં આરોપી રાજેશ ચંદ્રકાન્ત ત્રિવેદી દ્વારા ૨૦૦૫ થી ૨૦૧૨ના સમયગાળા દરમિયાન ૧૨૦ જેટલા વ્યકિતઓ સાથે ૫,૨૨,૩૩,૧૭૫ કરોડની છેતરપિંડી વિશ્વાસઘાત કરનાર આરોપી વિરૂદ્ધ નોંધાયેલ ગુન્હામાં આગોતરા જામીન આપવામાં આવ્યા હતા. આગોતરા જામીનની મુદ્દત પુરી થતાં પંચમહાલ ગોધરા લોકલ ક્રાઈમ બ્રાન્ચ ધરપકડ કરી કોર્ટમાં રજુ કરી ૨૦ ડિસેમ્બર સુધીના રીમાન્ડ મેળવ્યા. હાઈપ્રોફાઈલ છેતરપિંડીના ગુન્હાનો આરોપી આખરે પોલીસના શકંજામાં આવ્યો.

ગોધરાના લુહાર સુથાર ફળીયામાં રહેતા રાજેશ ચંદ્રકાન્ત ત્રિવેદી જે પોસ્ટ ઓફિસમાં એજન્ટ તરીકેની કામગીરી કરતાં હોય અને વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૨ના સમયગાળા દરમિયાન પોસ્ટ વિભાગના કર્મચારીઓની સાંઠગાંઠની ફરિયાદી જયુન ઉર્ફે પપ્પુભાઈ કનુભાઈ ઘરીયાળીને વિશ્વાસમાં લઈ તેમની પત્ની અને પુત્રના નામે ૧૦ લાખના એમ.આઈ.એસ.ના ત્રણ ખાતા ખોલવા તથા એસ.બી.આઈ.નું બેંક ખાતું ખોલાવી તેમાં ૧૦ લાખ જમા કરાવડાવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી આવા દસ્તાવેજો ઉપર ખોટી સહીઓ કરી જયુન ઘડીયાળી

તેમજ તેમની પત્ની અને પુત્રના વ્યાજ સહિતના કુલ ૧૦,૨૭,૦૦૦/-રૂપીયા પોસ્ટ માંથી બારોબાર ઉપાડી લઈ અંગત કામમાં વાપરી નાખી ગુન્હો કરતાં ગોધરા બી ડીવીઝન પોલીસ મથકમાં ગુ.ર.નં.૬૫/૨૦૧૨ ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૧૧૪ મુજબ ફરિયાદ નોંધાવા પામી હતી. આરોપી રાજેશ ચંદ્રકાન્ત ત્રિવેદી દ્વારા ૧૨૦ વ્યકિતઓને ભોગ બનાવીને ૫,૨૨,૩૩,૧૭૫/- કરોડના ચુનો લગાવી નાશી છુટીયો હતો. આરોપી પોસ્ટ એજન્ટ રાજેશ ત્રિવેદી ઘર છોડી નાશી છુટતાં પોલીસ દ્વારા પંચો સાથે રાખી રહેણાંક ઘરમાં તપાસ કરી પાસબુકો-૮૬૩, હિસાબી ચોપડાઓ નંગ-૨૫, રબર સ્ટેમ્પ-૬૨, પેકનંગ-૨, શિડયુલ ફોર ડીપોઝીટ રીકરીગ ફાર્મ-૮૫, કિસાન વિકાસપત્રો અને નેશનલ સેવીંગ સર્ટીફિકેટ-૨૧, ઈન્દીરા વિકાસપત્ર-૨, વિમા પોલીસીઓ પ્રિમીયમ ભરેલાની પહોંચ નંગ-૪૧, એલ.આઈ.સી. પ્રિમીયમ ભરેલાની પહોંચ નંગ-૧૦૩, એલ.આઈ.સી.પ્રિમીયમ કલેકશન સેન્ટરની પહોંચો-૮૮, લક્ષ્મી કો.ઓ.ક્રેડીટ સોસાયટીના સર્ટી નંગ-૮, પોસ્ટ ઓફિસના વિડ્રોલ ફોર્મ, પોસ્ટમાં ખાતુ ખોલવાના અરજી ફોર્મ-૨૩, કિસાન વિકાસ પત્રો તથા સીનીયર સીટીજન સેવિંગ સ્કીમ એકાઉન્ટ ખોલવા કોરા તથા સહીવાળા-૧૫, અલગ અલગ બેંકના લખેલા ચેક નંગ-૧૨, પોસ્ટ ખાતાની એકાઉન્ટ પાસ બુકો નંગ-૪૬૦, એસ.બી.આઈ. પાસ બુક-૨, પાસબુકો-૩૬, પોસ્ટ ઓફિસ સેવિંગ બેંકની કોરી ચેક બુક નંગ-૩, આઈ.સી.આઈ.સી.આઈ. બેંક ચેક બુક-૧ અને સ્કુટર તેમજ બે મકાનો એજન્ટ દ્વારા ૧૨૦ વ્યકિતઓ સાથે છેતરપિંડી વિશ્વાસઘાત કરી ૫,૨૨,૩૩,૧૭૫/- કરોડ રૂપીયાના ગુન્હામાં રાજેશ ચંદ્રકાન્ત ત્રિવેદી વિરૂદ્ધમાં સી.બી.આઈ./ એલ.સી.બી. ગાંધીનગર ખાતે ચાર અલગ અલગ એફ.આર.આઈ. નોંધાવા પામી હતી. આરોપી રાજેશ ત્રિવેદી ગુજરાત નામદાર કોર્ટમાં આગોતરા જામીન અરજી મુકતા રાજેશ ત્રિવેદી તા.૧૩/૧૨/૨૦૨૨ના રોજ જામીન ઉપર મુકત કરેલ ત્યારે પંચમહાલ ગોધરા લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા નામદાર કોર્ટમાં આરોપી રાજેશ ત્રિવેદીની કસ્ટડીના રીમાન્ડની માંગણી કરતાં નામદાર કોર્ટ દ્વારા શરતોના આધારે ૨૦ ડિસેમ્બર સુધીના પોલીસ રીમાન્ડ મંજુર કરવામાં આવ્યા. ગોધરામાં ૧૨૦ લોકોનું પાંચ કરોડ ઉપરાંતનું કુલેકું ફેરવીને નાસતો ફરતો પોસ્ટ એજન્ટ આખરે પોલીસ સકંજામાં આવતાં છેતરપિંડી વિશ્વાસઘાતના ભોગ બનેલા લોકોને ન્યાયની આશા જાગી છે.

ઘોઘંબા હાટમાં અમુક અસામાજીક તત્વો દ્વારા બકરા અને મરઘાંના વેપાર કરતાં હોવાથી ઘોઘંબા ગ્રામ પંચાયતે કરી લાલ આંખ

ઘોઘંબા,

પંચમહાલ જીલ્લામાં આવેલ ઘોઘંબામાં વર્ષો થી પરંપરા મુજબ ઘોઘંબામાં દર રવિવારે રવિવારી હાટ ભરાય છે અને ઘોઘંબા હાટમાં આજુબાજુ ગામડાના લોકો મરઘાં અને બકરાં વેચાણ કરવા માટે વહેલી સવાર થી ઘોઘંબા હાટમાં ઉમટી પડે છે અને મરઘાં બકરા લઈ વેચાણ કરવા પહોંચી જાય છે. ત્યારે તે મરઘાં-બકરાની ખરીદી કરવા માટે કાલોલ, વેજલપુર, ગોધરા તેમજ આજુબાજુ ગામડા શહેરના પશુ પાલક અને વેપારી વર્ગ સહિતના લોકો ઘોઘંબા રવિવારી હાટમાં પહોંચી જાય છે અને મરઘાં-બકરાની ખરીદી કરે છે. જેથી ઘોઘંબા હાટમાં લાખો રૂપિયાનો વેપાર થાય છે. ત્યારે ઘોઘંબા ગ્રામ પંચાયત એ ગ્રામ પંચાયતના લેટરપેડ ઉપર

તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

લખાણ લખી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો છે કે, આજુબાજુ ગામડા માંથી આવતા પશુ પાલકો વ્યકિતઓ સાથે કેટલાક અસામાજીક ઈસમો દ્વારા રવિવારી હાટમાં સ્થાનિક અને ગામડા માંથી આવતા પશુ પાલક વ્યકિતઓ સાથે ઝગડા અને અસભ્ય વર્તન કરવામાં આવે છે અને તેના લીધે ઘોઘંબા રવિવારી હાટમાં અશાંતિ અને વાતાવરણ ડહોળાઈ તેવી પરિસ્થિતિ ઉભી થવાની શકયતા હોવાથી હવે પછીના રવિવારી હાટ થી કાલોલ, વેજલપુર, ગોધરા થી મરઘાં બકરાનો વેપાર કરવા આવતા વેપારી ઓએ હાટમાં આવવું નહિ અને તેમ છતાં કાલોલ, વેજલપુર, ગોધરા થી જે કોઈ મરઘાં-બકરાંના વેપારીઓ આવશે. તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે. તેવું લખાણ લખી જણાવેલ છે. જેથી હવે એવું લાગી રહયુ છે કે, ઘોઘંબા ગ્રામ પંચાયત દ્વારા અનેરૂ પગલું ભરી અનેક મૂંગા પશુઓનો જીવ બચાવવા માટે મૂંગા પશુના વેપારી સામે લાલ આંખ કરી પહેલ કરી છે અને અનેક મૂંગા પશુઓનો જીવ બચાવવા માટેના પ્રયત્નો કરી રહયા છે. જેથી ઘોઘંબા ગ્રામ પંચાયત જીવદયા પ્રેમી ગ્રામ પંચાયત સાચા અર્થમાં સાબિત થશે અને ઘોઘંબા ગ્રામ પંચાયતને જીવદયા પ્રેમીનો એવોર્ડ આપી સન્માન કરવામાં આવે તેમાં કોઈ નવાઈની વાત નહિ જેથી જીવદયા પ્રેમીઓએ મૂંગા પશુઓનો જીવ બચાવવા માટે ઘોઘંબા ગ્રામ પંચાયતને પુરે પૂરો સહ સહકાર આપે તે જરૂરી બન્યું છે.

ગોધરા જીલ્લા રમત ગમત સંકુલ ખાતે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીના છઠ્ઠા રમતોત્સવની શરૂઆત કરાઈ

ગોધરા,

ગોધરા શહેરમાં આવેલ જિલ્લા રમતગમત સંકુલ ખાતે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના છઠ્ઠા રમતોત્સવ અમૃતકાલીન ખેલકૂદ મહોત્સવ-૨૦૨૨ ની શરૂઆત થઈ હતી. બે દિવસ સુધી ચાલનારા આ કાર્યક્રમમાં જિલ્લામાં આવેલી યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરા ખાતે આવેલી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના છઠ્ઠા રમતોત્સવનો પ્રારંભ થયો હતો. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે શારીરિક રીતે પણ તૈયાર થઈ શકે તે માટે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા દર વર્ષે રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે. ત્યારે ગોધરા શહેરના કનેલાવ ખાતે જિલ્લા રમતગમત સંકુલ ખાતે બે દિવસીય અમૃતકાલીન ખેલકૂદ મહોત્સવ-૨૦૨૨ની શરૂઆત થઈ હતી. બે દિવસ ચાલનારા આ રમતોત્સવમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન પંચમહાલ, દાહોદ, મહીસાગર, દાહોદ અને વડોદરા ગ્રામ્ય જિલ્લાની ૪૭ કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. આ રમતોત્સવ ડેકાથ્લોન અને હેપ્ટાથ્લોન અંતર્ગત બે દિવસ દરમ્યાન વિવિધ શ્રેણી મુજબ દોડ, લાંબીકૂદ, ગોળાફેંક, ઉંચીકુદ, ચકફેંક, વાંસકૂદ અને બરછીફેંક જેવી વિવિધ ૨૬ જેટલી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં પાંચ જિલ્લાના ૩૨૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમની શરૂઆત શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ ડો. પ્રતાપસિંહ ચૌહાણ દ્વારા કરાવવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટર સુજલ મયાત્રા અને જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

હાલોલ તાલુકાના સોનીપુર ગામની ૨૦ વર્ષીય યુવતિએ ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મોત

હાલોલ,

હાલોલ તાલુકાના સોનીપુર ગામ રહેતી ૨૦ વર્ષીય યુવતિ કોઈ કારણોસર ઝેરી દવા પી જતાં સારવાર અર્થે વડોદરા એસ.એસ.જી.માં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત નિપજાતા આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના સોનીપુર ગામે રહેતી હસુમતીબેન મનહરભાઈ ચૌહાણ ઉ.વ.૨૦ એ ૧૪ ડિસેમ્બરના રોજ કોઈ કારણોસર ઝેરી દવા પી જતાં લાઈફ કેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાંથી વધુ સારવાર અર્થે વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલમાં ખેડવામાં આવતાં દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી.

હાલોલ અરાદ રોડ ઉપર અભેટવા ગામ પાસે ઈકો અને બાઈક વચ્ચે થયેલ અકસ્માતમાં ઈંટવાડીના બે યુવાનોના મોત

હાલોલ,

હાલોલ તાલુકાના અરાદ રોડ ઉપર અભેટવા ગામ પાસે રાત્રીના સમયે ઈકો ગાડી અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ઉપર સવાર બે યુવાનોના મોત નિપજાવા પામ્યા છે. બન્ને મૃતક યુવાનના મૃતદેહને હાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના અરાદ રોડ ઉપર અભેટવા ગામ પાસે રાત્રીના સમયે ઈંટવાડી ગામના બે યુવકો બાઈક ઉપર ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે હાલોલ તરફ આવતી ઈકો ગાડી સાથે બાઈક ધડાકાભેર અથડાઈને ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં હાલોલ ખાતે કંપનીમાં નોકરી કરી મિત્ર સાથે ઈંટવાડી ગામના અલ્કેશ શાંતિલાલ ચૌહાણ ઉ.વ.૨૨ અને રોહિત રણછોડભાઈ ચાવડા ઉ.વ.૨૦ને ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. બન્ને મૃતક યુવાનોના મૃતદેહોને હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઈંટવાડી ગામના બે યુવાનોનું માર્ગ અકસ્માતમાં મોત થવાની ઘટનાને લઈ ગ્રામજનોમાં માતમ છવાઈ જવા પામ્યો છે. આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

શહેરાના મોરવા(રેણા) ગામે હોમિયોપેથીક કોલેજના પ્રિન્સીપાલ દ્વારા વિદ્યાર્થીને જાતિઅપમાનિત કરી મારમારતાં ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના મોરવા(રેણા) ગામે જય જલારામ હોમીયોપેથીક કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી વાલ્મિકી સમાજનો હોય તેવું જણાતા આરોપીએ પરીક્ષા દરમ્યાન બીજાની જનરલ લઈ કેમ બેસેલ છે. તેમ કહી જાતિ અપમાનિત કરી પી.યુ.સી. પાઈપ થી મારમારી ગુન્હો કર્યાની ફરિયાદ શહેરા પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના મોરવા(રેણા) ગામે જય જલારામ હોમીયોપેથીક કોલેજમાં અભ્યાસ કરતાં જૈમિનભાઈ મોહનભાઈ ચૌહાણ જે કોલેજમાં અભ્યાસ કરતા હોય અને તે વાલ્મિકી સમાજનો હોય તે કોલેજના પ્રિન્સીપાલિ વિજયભાઈ હસમુખભાઈ પટેલ જાણતા હોવા છતાં જૈમિન ચૌહાણની પરીક્ષા દરમિયાન આરોપીએ પરીક્ષા દરમિયાન બીજાની જનરલ લઈને કેમ બેસેલ છે. તેમ કહીને જાતિ વિષયક અપશબ્દો બોલીને જૈમિનને બે-ત્રણ ઝાપટો મારી પી.યુ.સી. પાઈપથી મારમારી જાહેરનામાનો ભંગ કરી તેમજ જાતિઅપમાનિત કરતાં આ બાબતે શહેરા પોલીસ મથકે આરોપી વિજયભાઈ પટેલ વિરૂદ્ધમાં આઈપીસી ૩૨૩,૫૦૪ એકોસીટી એકટ મુજબ ગુનો નોંધી પ્રિન્સીપાલની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

ગોધરાના કાલીચા કુવા ગામે પીકઅપના કેબીન ઉપર ટાયર ગોઠવા ચડેલ વ્યકિતને કરંટ લાગતાં સારવાર અર્થે ખસેડાયો

ગોધરા,

ગોધરા તાલુકાના કાલીચા કુવા ગામે પીકઅપ ડાલામાં ભેંસ ભરીને પહોંચતી કરવા માટે આવ્યા હતા. દરમિયાન પીકઅપના કેબીન ઉપર ટાયર ગોઠવવા ચડેલ વ્યકિતને થ્રી ફેઈઝ લાઈનનો કરંટ લાગતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. વિસ્તૃત વિગતો મુજબ શહેરા તાલુકાના ડુંગરપુર (ડેમલી) ગયામે રહેતા હર્ષદભાઈ ડાહ્યાભાઈ ભરવાડને જગદીશભાઈ આહિરની ભેંસ કાલીચા કુવા ગામે બોલેરો પીકઅપ ડાલામાં પહોંચતી કરવાનું ભાડું મળેલ હોય જેથી પીકઅપ ડાલામાં ભેંસ ભરીને કાલીચા કુવા ભેંસ પહોંચતી કરી હતી અને પીકઅપના ચાલક હર્ષદભાઈ ભરવાડ ગાડીના કેબીન ઉપર ગાડીનું ટાયર ગોઠવા ગાડી ઉભી રાખી ચડેલ હતા. દરમિયાન થ્રીફેઝ લાઈનનો કરંટ લાગતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

ગોધરા ચિખોદ્રાની નોંધ નંબર-૨ રામજી મંદિરની જમીનોના દાવા નં.૧૪/૨૦૨૨માં સરકારી બાબુઓ જાહેર કરશે કે છુપાવશે ??

ગોધરા,

ગોધરા ચિખોદ્રાની નોંધ નંબર-૨ વાળી જમીનો સર્વે નંબર ૩૫૦/૩૫૧/૩૫૨/ રામજી મંદિરના વહીવટદારની જમીનોની થયેલી છે. જે બાબતે નોંધ નંબર-૨ને ઓનલાઈન અપલો કરવામાં આવેલ હોવા છતાં ઈધરા કેન્દ્ર, પંચમહા, ગોધરાના કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા ગુજરાત સરકારના આદેશો અનુસાર અને ભારત સરકારના વર્તમાન કાયદા અનુસાર ધાર્મીક જમીનો ઉપર કોઈ કાર્યવાહી કરી કરવામાં આવેલ નથી. જેથી પંચમહાલ મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા રેવન્યુ રેકર્ડ ચકાસ્યા વિના આડેધડ ખોટા દસ્તાવેજો એન.એ. વિગેરે સુધારા હુકમો નોંધ નંબર-૨ વાળી રામજી મંદિરની જમીનો ફેરફાર કરી કરાવી રહ્યા છે. આમ, નોંધ નંબર-૨ જો ધ્યાને મોટા પ્રમાણે જો ધ્યાને લઈ જોવામાં આવે તો રામજી મંદિરની નવી શરતની જમીનો આવેલી છે અને અવલોકન પણ કરવામાં આવેલ નથી. જેથી ગુજરાત સરકાર જો પંચમહાલ જીલ્લા મહેસુલી ટીમ પોપટપુરાની જેમ ટીમ નિમવામાં આવે તો મોટા પ્રમાણમાં ખરબો-કરોડોની સરકારી ગેરરીતિઓ બહાર આવવાની રેર્કડી હ હકીકતો સચોટ બહાર નિકળી આવે તેમ છે. કેટલાક આ ધાર્મિક જમીનો ઉપર પંચમહાલ જીલ્લાના મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા ધાર્મિક જમીનો મોટી મોટી લાંચ રૂશ્વતો લઈ રફેદફે કરી કરાવી નાખેલ છે.

મોજે ગોધરા ચિખોદ્રાની કેપ્સુલ વાળી સર્વે નંબર ૩૫૦,૩૫૧,૩૫૨ જમીનોમાં પણ નોંધ નંબર-૨ની કોઈ વિગતો બતાવ્યા વગર મહેસુલી અધિકારીઓ દ્વારા દસ્તાવેજ વેચાણ ગેરકાયદેસર કરેલ છે. ચેરીટી કમિશ્નરો જે તે સમયના કાયદા મુજબ હુકમો થયેલા નથી. જેથી મહેસુલી રેકર્ડ રૂલ્સની નોંધોના આધારે સાબિત થાય છે. પરંતુ આ જમીનો ઉપર સિવિલ કોર્ટમાં ૧૪/૨૦૨૨નો દાવો કોઠી સ્ટીલના માલિક સામે બોગસ વેચાણ થયેલના આધારે કરી કરવામાં આવેલ છે અને પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરા સમક્ષ આવેદનપત્ર પણ આપવામાં આવેલ છે. જે તપાસ થવી જરૂરી જણાઈ છે. આમ,(૧) દાવામાં (૨) ડાયરેકટર ઓફ ઈન્ડીયન ફાર્મા કેમ્પસ એન્ડ કેમીકલ પ્રાઈવેટ લીમીટેડ બોમ્બે, (૩) અશોકભાઈ જશભાઈ પટેલ, (૪) ભરતભાઈ કાલાભાઈ પટેલ, (૫) સબ રજીસ્ટ્રેટ, ગોધરા, (૬) મામલતદાર, ગોધરા ગ્રામ્ય (૭) સર્કલ ઓફિસર, ગોધરા ગ્રામ્ય, (૮) સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટ, ગોધરા, (૯) ગુજરાત સરકાર, (૧૦) રંગીતસિંહ અભેસિંહ બારીયા, (૧૧) યામીન મોહમદ યુસુફ બંગલી વિગેરે સામે સિવિલ કોર્ટ શુટ નંબર૧૪/૨૦૨૨નો દાવો દાખલ તા.૧/૧૧/ ૨૦૨૨ના રોજ દાખલ કરેલ છે.

આમ, ગોધરા મામલતદાર ગ્રામ્ય દ્વારા નોંધ-૨ તથા ચેરીટી કમિશ્નરના જે તે સમયના હુકમો સાથે મામલતદાર ગોધરા ગ્રામ્ય પાસેથી નોંધ નંબર-૨ વિગતો સહિતની ગોધરા મામલતદાર ગ્રામ્ય વિભાગ ગુજરાત સરકારના લીગલી અધિકારીઓ પાસેથી સલાહ સુચનાઓના આધારે મૂળ ચેડા કરેલ નોંધ નંબર-૨ની વિગતો સહિતની તમામ મિલ્કતો મોટા પ્રમાણની રામજી મંદિરની ધાર્મિક જમીનો ગેરકાયદેસર વ્યવહારો થયેલા મૂળથી નાબુદ થાય અને મોટાપ્રમાણમાં ગુજરાત સરકાર સામે આપેક્ષોના થાય તેવી કાળજી રેવન્યુ રેર્કડ તથા વહીવટીનાટે ગોધરા મામલતદાર ગ્રામ્ય વિભાગની સંપૂર્ણ જવાબદારીઓ હોય જેથી વિગતોવાર કરેલ ગેરકાયદેસર કરી કરાવેલ વેચાણ દસ્તાવેજો મૂળથી નોંધ નંબર-૨ને છુપાવી ધાર્મિક જમીનો મોટાપ્રમાણની હોય જે વિજીલન્સ કમિશ્નર ગોધરા ટીમ નીમી ધાર્મિક જમીનો ઉપર ગુજરાત સરકારના આદેશો અનુસાર રજીસ્ટ્રેશન નંબર તથા મૂળ મંદિરનું નામ દાખલ કરશે કે કરાવશે કે કેમ આ તમામની જવાબદારીઓ ગોધરા મામલતદાર ગ્રામ્ય વિભાગ મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓની વહીવટી નાટે બને છે. જે સિવિલ સુટ ૧૪/૨૦૨૨માં નંબર-૬ ઉપર જોડેલા છે અને રાજયના તમામ વિભાગોને પણ જોડેલા છે. જે ૫/૬/૭/૮ તથા ગુજરાત રાજય સરકારને નંબર-૯ ઉપર જોડેલા છે. જે રેવન્યુ રેર્કડની પુરેપુરી વિગતો દાવા નં.૧૪/૨૦૨૨માં નોંધ નંબર-૨નો ઉલ્લેખ કરશે કે રેવન્યુ રેકર્ડની હકીકતો છુપાવશે તે જોવાનું રહ્યું. ગુજરાત સરકાર પરિપત્ર તા.૯/૪/૨૦૧૦ તથા ચેરીટી કમિશ્નર ગુજરાત સરકાર તા.૧૨/૭/૨૦૧૯ની અમલવારી કરી કરાવી.

સિવિલ સુટ નં.૧૪/ ૨૦૨૨વાળી જમીનો ઉપર દૈનિક સમાચાર દ્વારા અહેવાલ તા.૪/ ૧૧/૨૦૨૨ના રોજ આપેલ છે. અને તેમાં રે.સ.નં.સહિતની ક્ષેત્રફળની વિગતો જાહેર કરેલ છે અને આ સર્વે નં.૩૫૦/૩૫૧/ ૩૫૨ બાબતે મુસ્લીમ સમાજ દ્વારા (આવેદનપત્ર) પંચમહાલ જીલ્લા કલકેટર ગોધરાને આપવામાં આવેલ છે. જે આવેદનપત્રની વિગતો મૂળ એન્ટ્રીઓ સાથે સમાવેશ કરી કરાવી ગુજરાત રાજય સરકારને યોગ્ય બાબતની કાર્યવાહી કરેલ અંગેની હિન્દુ સંગઠનની માંગો ભારપૂર્વકની છે. કાયદાકીય કાયદેસર યોગ્ય કાર્યવાહી થાય તેવી કંટ્રોલ રજીસ્ટર કરશે કે કરાવશે તેવી માંગો ઉઠવા પામેલ છે.